ફોરેકસ ટ્રેડીંગમાં તગડા રીટર્નની લાલચ આપીને બીનઅધિકૃત સંસ્થાઓ સામાન્ય લોકોને જાળમાં ફસાવીને આર્થિક નુકશાન કરી રહ્યા છે.આ પ્રકારના વધતા કેસોને પગલે રીઝર્વ બેંકે એલર્ટ જાહેર કર્યું છે. અનઅધિકૃત સંસ્થાઓનાં નામોનું લીસ્ટ જાહેર કરવા બેંકોને સુચના આપવામાં આવી છે.

રિઝર્વ બેંકની તપાસમાં એવો ખુલાસો થયો છે કે લોકલ એજન્ટો બનાવીને બિન અધિકૃત સંસ્થાઓ લોકોને જાળમાં ફસાવી રહી છે. એજન્ટો માર્જીન, રોકાણ વગેરે માટે બેંક ખાતા ખોલે છે.

આ એકાઉન્ટ વ્યકિતગત કે કંપની કે સંસ્થાના નામે ખોલવામાં આવે છે અને તેમાં નાણાંકીય ગોટાળા થાય છે. બીન અધિકૃત સંસ્થાઓ આ પ્રકારનાં બેંક ખાતા મારફત ઓનલાઈન ટ્રાન્સફરનો ઉપયોગ કરીને ગેરકાયદે ફોરેકસ ટ્રેડીંગ કરાવે છે.

રિઝર્વ બેંકે તમામ બેંકોને લેખીતમાં ટ્રેડીંગ સુચના આપી છે કે અધિકૃત ડીલરો મારફત જ ફોરેકસ ટ્રેડીંગ કરવા ગ્રાહકોને માર્ગદર્શન આપવામાં આવે અને અનઅધિકૃત સંસ્થાઓનું લીસ્ટ નહિં કરવામાં આવે.

## વિશ્વની અડધી વસ્તી પર ડેન્ગ્યુનો ખતરો

જીનિવા,તા.૨૫

ભારત સહિત વિશ્વના અનેક દેશોમાં ડેંગ્યુના કેસો સતત વધી રહ્યા છે. વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબલ્યુએચઓ)એ કહ્યુ છે કે વૈશ્વિક સ્તરે ૩.૯ અબજ લોકો પર ડેંગ્યુ વાયરસનો ખતરો છે. આનો અર્થ એ છે કે દુનિયાની અડધોઅડધ વસ્તી તેની ઝપટમાં આવી શકે છે. આ સંક્રમણ ગંભીરથી અતિ ગંભીર હોઈ શકે છે. રિપોર્ટમાં કહેવામા આવ્યુ છે કે, ગત વર્ષ ડેંગ્યુથી ૭૩૦૦થી વધુ મોત થયા હતા અને ૬૫ લાખથી વધુ કેસ બહાર આવ્યા હતા. મોત અને કેસની આ સંખ્યા ૮૦ દેશોની છે, જેને સંગઠને વધુ અસરગ્રસ્ત દેશ જાહેર કર્યા છે. જો કે ડેંગ્યુનો પ્રક્ષેપ આફ્રિકા, અમેરિકા, દક્ષિણ પૂર્વ એશિયા સહિત ૧૦૦થી વધુ દેશ ગંભીર અસરગ્રસ્ત છે.

ચગી રહ્યો છે તે સમયે ચૂંટણી પંચે એક મહત્વના ચુકાદામાં ભાજપ માટેના ચૂંટણી પ્રચારમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે રામ મંદિરના નામે લોકોને મત આપવા ઉપરાંત કરતારપુર સાહેબ કોરીડોરના મુદે શીખોને મતદાનની અપીલ કરી તેને ચૂંટણી પંચે આચારસંહિતાનો ભંગ ગણાવ્યો નથી.

મિલ્કતોમાં મુસ્લિમોને વહેંચી દેશે તે જે વિધાનો કર્યા હતા તે મુદે ચૂંટણી પંચ હવે તપાસ કરશે. વડાપ્રધાને છેલ્લા બે દિવસમાં તેમના ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને નિશાન બનાવ્યું છે

જેમાં તેઓએ જણાવ્યું હતું કે, દેશના સંશાધનો પર પહેલો હક અલ્પસંખ્યકોનો છે અને હાલમાં જે

કોંગ્રેસ પક્ષે રાજસ્થાનમાં મોદીએ કરેલા વિધાનોને સાંપ્રદાયિક ભાવના ભડકાવાના તથા પ્રચારમાં ધર્મનો ઉપયોગ કરવાની કરેલી અરજી પર ચૂંટણી પંચ નિર્ણય લેશે તથા ખાસ એક ધાર્મિક સમુદાયને ટાર્ગેટ કરવાનો વડાપ્રધાને પ્રયત્ન કર્યો છે તે અંગે પણ ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ નોંધાઈ છે.



અમદાવાદ તા. ૨૫

છેલ્લા ચાર દિવસથી સોનાની કિંમતોમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. MCX પર સોનાના ભાવ ૧૦ ગ્રામ દીઠ રૂપિયા ૭૧ હજારથી નીચે આવ્યા છે. ગત ૧૬ એપ્રિલના રોજ

અને ચાંદીમાં સામાન્ય સુધારો જોવા મળ્યો હતો. અમદાવાદ સોનું ૧૦ ગ્રામનો ભાવ રૂપિયા ૭૪૦૦૦થી રૂપિયા ૫૦૦ વધી રૂપિયા ૭૪,૫૦૦ થયા હતા. જ્યારે સોનું ૯૯.૫નો ભાવ રૂપિયા ૭૩,૮૦૦થી રૂપિયા ૫૦૦ વધી રૂપિયા ૭૪,૩૦૦ રહ્યા હતા. જ્યારે


અને તેને લીધે કિંમતી ધાતુમાં ઘટાડાનો માહોલ જોવા મળી રહ્યો છે. છેલ્લા ચાર દિવસમાં એમસીએક્સ ખાતે સોનું ૧૦ ગ્રામ દીઠ ભાવ રૂપિયા ૨૦૦૦ સસ્તુ થયું છે. જ્યારે ચાંદીમાં છેલ્લા ચાર દિવસમાં ૪,૬૧૦ રૂપિયાનો ઘટાડો છે.

નવી દિલ્હી તા. ૨૫

આગામી પાંચ દિવસ દરમિયાન આંતરિક કર્ણાટક, રાયલસીમા, પેટા હિમાલયન પશ્ચિમ બંગાળના વિવિધ સ્થળોએ ગરમીના મોજાની સ્થિતિ પ્રવર્તશે.

દક્ષિણ ભારતના રાજ્ય તમિલનાડુમાં આગામી ૨૪ કલાકમાં હીટવેવની સંભાવના છે. IMD એ ૨૪ એપ્રિલથી ૨૭ એપ્રિલ સુધી ઝારખંડ, બિહાર, તેલંગાણા, પૂર્વી ઉત્તર પ્રદેશમાં હીટવેવની આગાહી કરી છે. ૨૫ થી ૨૭ એપ્રિલ દરમિયાન પશ્ચિમ ઉત્તર પ્રદેશ, તટીય આંધ્ર પ્રદેશ અને કોંકણમાં હીટવેવની સંભાવના છે.

# પ્રધાનમંત્રી આવાસ યોજનામાં સબસીડીનો વ્યાપ અને મર્યાદા વધારવા વિચારણા



નવી દિલ્હી,તા.૨૫

શહેરી ગરીબો-મધ્યમ વર્ગના ‘ઘરના ઘર’નું સ્વપ્ન સાકાર કરાવવા માટે કેન્દ્ર સરકાર પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ સબસીડીની રકમ તથા યોજનાના વ્યાપમાં વધારો કરવાની વિચારણા કરી રહી છે. સૂચિત સુધારામાં વ્યવસાયિક, દુકાનદારો તથા નાના વેપારીઓને પણ યોજના હેઠળ આવરી લેવામાં આવશે.

કેન્દ્ર સરકારના સૂત્રોના કહેવા પ્રમાણે આવાસના ક્ષેત્રફળ તથા કિંમતના આધારે લોન સબસીડી નકકી કરવાની વિચારણા છે રૂા.૩૫ લાખના આવાસની ખરીદીમાં ૩૦ લાખ સુધીની લોનમાં વ્યાજ સબસીડી આપવાનું સરકાર વિચારી રહી છે.

કેન્દ્ર સરકારે અગાઉ ક્રેડીટ લીંકડ સબસીડી સ્કીમ લાગુ કરી છે જેમાં આવકના આધારે હોમલોન સબસીડી આપવામાં આવતી હતી. ૨૦૨૧માં આ સ્કીમ બંધ કરી દેવામાં આવી હતી. પાંચ વર્ષ સુધી અમલમાં રહેલી આ સ્કીમમાં ૨૫ લાખ સુધીના મકાનમાં ધિરાણ આપવામાં આવતું હતું અને પાંચ વર્ષમાં રૂા.૫૯૦૦૦ કરોડની સબસીડી આપવામાં આવી હતી.

૨૦૨૪-૨૫ના વચગાળાના બજેટમાં મહત્વકાંક્ષી હાઉસીંગ સ્કીમ હેઠળ ૮૦૬૭૧ કરોડની ફાળવણી કરવામાં આવી હતી અને નાણાપ્રધાન નિર્મલા સીતારામને એમ કહ્યું પણ હતું કે ભાડાના મકાન અથવા ચાલ કે ઝુંપડપટ્ટી અથવા બિનઅધિકૃત સોસાયટીમાં રહેતા મધ્યમવર્ગને રાહતરૂપ યોજના દાખલ કરવામાં આવશે.

# ૨૦૨૩માં ૨૮ કરોડ લોકો ભૂખમરાનો ભોગ બન્યા : ગાઝા સૌથી વધુ અસરગ્રસ્ત



વોશિંગ્ટન,તા. ૨૫: ૨૦૨૩માં ખાદ્ય અસુરક્ષાની સ્થિતિ ગંભીર બની ગઈ હતી. ખાસ કરીને ગાઝા અને સુદાનમાં સંઘર્ષને કારણે ૨૮૦ મિલિયનથી વધુ લોકો ભૂખનો સામનો કરી રહ્યા છે. સંયુક્ત રાષ્ટ્રની એજન્સીઓ અને વિકાસ જૂથોએ બુધવારે આ માહિતી આપી હતી. ફૂડ સિક્યોરિટી ઈન્ફોર્મેશન નેટવર્કના ખાદ્ય કટોકટી પરના તાજેતરના વૈશ્વિક અહેવાલ મુજબ, હવામાનની ઘટનાઓ અને આર્થિક આંચકાઓને કારણે ગંભીર ખાદ્ય અસુરક્ષાનો સામનો કરી રહેલા લોકોની સંખ્યામાં ૨૦૨૨ સુધીમાં (૨૪ કરોડ)૨૪૦ મિલિયન લોકોનો વધારો થયો છે.

અહેવાલ, જેણે આ વર્ષના વૈશ્વિક દૃષ્ટિકોણને ‘અંધકાર’ તરીકે ઓળખાવ્યો હતો, તે આંતરરાષ્ટ્રીય ગઠબંધન દ્વારા યુએન એજન્સીઓ, યુરોપિયન યુનિયન અને સરકારી અને બિન-સરકારી સંસ્થાઓને એકસાથે લાવીને તૈયાર કરવામાં આવ્યો હતો. ૨૦૨૩ એ તીવ્ર ખાદ્ય અસુરક્ષાથી પીડિત લોકોની સંખ્યામાં વધારો થવાનું સતત પાંચમું વર્ષ હતું - જ્યારે કોઈ વસ્તીને ખોરાકની અછતનો સામનો કરવો પડે છે જે જીવન અથવા આજીવિકાને જોખમમાં મૂકે છે, પછી ભલે ગમે તે થાય.

# રાહુલ ગાંધી અમેઠીથી, પ્રિયંકા રાયબરેલીથી ચૂંટણી લડશે : કોંગ્રેસે તૈયારી શરૂ કરી

નવી દિલ્હી તા. ૨૫

રાહુલ ગાંધી અમેઠીથી અને પ્રિયંકા ગાંધી રાયબરેલી બેઠક પરથી ચૂંટણી લડી શકે છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સીટો પર ઉમેદવારીની જાહેરાત પહેલા પ્રિયંકા અને રાહુલ અયોધ્યા જઈને રામ લલ્લાના દર્શન કરી શકે છે. તા.૧ મેના રોજ રાહુલ અને પ્રિયંકા ફોર્મ ભરે એવી શક્યતા છે. કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી આ બંને બેઠકો પરથી ચૂંટણી લડી શકે તેવી પૂરી સંભાવના છે. જોકે, સૂત્રોનું કહેવું છે કે આ બંને બેઠકો અંગે ઔપચારિક જાહેરાત ૩૦ એપ્રિલ પહેલા કરવામાં આવશે નહીં. કોંગ્રેસના નેતાઓએ પણ આ બે બેઠકો પર રાહુલ અને પ્રિયંકાની સંભવિત ઉમેદવારી અંગે કંઈ કહ્યું નથી. સૂત્રોનું એમ પણ કહેવું છે કે અમેઠી અને રાયબરેલી જતા પહેલા રાહુલ અને પ્રિયંકા અયોધ્યા જઈ શકે છે, જયાં તેઓ રામ લલ્લાના દર્શન કરશે.

# ખાનગી મિલ્કત હસ્તગત કરી શકાય નહી તેમ કહેવું ખતરનાક : સુપ્રિમ કોર્ટ

નવી દિલ્હી તા. ૨૫

ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ૯ સભ્યોની બંધારણીય બેન્ચે આ ટિપ્પણી કરી હતી. બેન્ચ એ તપાસ કરી રહી છે કે શું ખાનગી માલિકીના સંસાધનોને ’સમુદાયના ભૌતિક સંસાધનો’ ગણી શકાય ?

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે બંધારણનો હેતુ ’સામાજિક પરિવર્તનની ભાવના’ લાવવાનો છે અને તે કહેવું ’ખતરનાક’ હશે કે વ્યકિતની ખાનગી મિલકતને ’સમુદાયના ભૌતિક સંસાધન’ તરીકે ગણી શકાય નહીં અને રાજયએ ’જાહેર કલ્યાણ’ માટે જોગવાઈ કરવી જોઈએ. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની ૯ સભ્યોની બંધારણીય બેન્ચે આ ટિપ્પણી કરી હતી.

# અમદાવાદનાં વસ્ત્રાપુરમાં બે જૂથો વચ્ચે પથ્થરમારો : વૃધ્ધ મહિલાનું મોત

અમદાવાદ તા. ૨૫

અમદાવાદના વસ્ત્રાપુરમાં મંદિરના જીર્ણોદ્ધારમાં પત્રિકામાં નામ છપાવવા બાબતે બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો હતો.આ પથ્થરમારા દરમિયાન એક વૃદ્ધાનું મોત થયું છે. જ્યારે ૭ લોકોને ઈજા પહોંચી છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. જ્યારે પોલીસે સ્થળ પર તથા હોસ્પિટલ પહોંચીને કાર્યવાહી શરૂ કરી છે. વૃદ્ધાના મોત તથા પથ્થરમારા મામલે પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

આ અંગે ઝોન ૧ ઈન્ચાર્જ ડીસીપી સફીન હસને જણાવ્યું હતું કે, બે જૂથ વચ્ચે મંદિરના જીર્ણોદ્ધારમાં પત્રિકામાં નામ છાપવા બાબતે કેટલાક સમયથી આંતરવિગ્રહ ચાલી રહ્યો હતો.આજે આ વિગ્રહ વધારે ઉગ્ર થતાં બે જૂથ વચ્ચે પથ્થરમારો થયો છે. જેમાં એક મહિલાનું મોત થયું છે. બનાવ અંગે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પોલીસ સમગ્ર મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી કરશે.



ખોડલધામ ટુર
મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭
(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪
(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪
(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને



Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૯ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો






તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

પ્રિઝનનાં માધ્યમથી "વિશ્વ મહત્વ સમજાવ્યુ હતું. વધુમાં પુસ્તકોની મદદથી છે.

## સુરતમાં બ્રેઈનડેડ રત્ન કલાકારનું અંગદાન

# હૃદય, લીવર અને હાથના દાનથી મળ્યું ત્રણ લોકોને નવજીવન



**પરિવારે અંગદાન નો નિર્ણય કરી સમાજને નવી દિશા બતાવી**

સુરત, તા.૨૫

સુરતમાં વધુ એક અંગદાન કરવામાં આવ્યું છે. જેમાં બ્રેઈનડેડ થઈ જવાથી નવનીતભાઈ વસાણીના હૃદય , લીવર અને હાથનું દાન કરી ત્રણ લોકોને નવી જિંદગી આપવામાં

નવનીતભાઈ મૂળ અમરેલી જિલ્લાના કુકાવાવ તાલુકાના જંગર ગામના વતની હતા. ૪૧ વર્ષીય નવનીત ભાઈ હાલ સુરતમાં પરિવાર સાથે રહેતા હતા.અને તેઓ રત્નકલાકારના કામકાજ સાથે જોડાયેલા હતા. જોકે નવનીત ભાઈ નો ૧૯ એપ્રિલ અકસ્માત થતા તેમને સારવાર માટે વ્યારા સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા આ અંગે પરિવારજનોને જાણ કરવામાં આવી હતી અને વધુ સારવાર માટે તેમની ખાનગી હોસ્પિટલમાં પણ લઈ જવામાં આવ્યા હતા. ખાનગી હોસ્પિટલમાં આઈસીયુમાં સારવાર દરમિયાનના ૩ દિવસ બાદ ડોક્ટરો દ્વારા નવનીતભાઈ ને બ્રેઈનડેડ જાહેર કરવામાં આવ્યા હતા. જેને લઈને જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા નવનીત ભાઈ ના પરિવારજનો નો સંપર્ક કરી અંગદાન માટે સમજાવવામાં આવ્યા હતા.

પરિવારની સંમતિ બાદ અંગદાન માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં હૃદય, **IKDRC** હોસ્પિટલ દ્વારા લિવર અને મુંબઈની ગ્લોબલ હોસ્પિટલમાં બંને હાથનું દાન સ્વીકારવામાં આવ્યું હતું. તમામ દાન આપવામાં આવેલા ઓર્ગન સમયસર હોસ્પિટલમાં પહોંચી શકે તે માટે સુરત પોલીસ દ્વારા સુરતની પી.પી .મણિયા હોસ્પિટલ થી એરપોર્ટ સુધી બે વિવિધ ગ્રીન કોલર તૈયાર કરવામાં આવ્યા હતા. જ્યારે સુરતની પી.પી.મણિયા હોસ્પિટલ થી અમદાવાદ યુ એન મહેતા હોસ્પિટલ સુધી ૨૬૯ કીમી નો ૧ ગ્રીન કોરિડોર તૈયાર કરી સમયસર અંગો જેતે હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

## રાજસ્થાન સ્કૂલ મામલે DEOનો મહત્વનો આદેશ

# ધોરણ -૯ હિન્દી મીડિયમના વર્ગો બંધ નહીં કરવા આદેશ કરાયો



**કોઈ પણ ગ્રાન્ટેડ શાળા અચાનક વર્ગ બંધ કરવા નિર્ણય ના લઈ શકે**

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ ખાતે આવેલી રાજસ્થાન સ્કૂલ છેલ્લા કેટલાક દિવસોથી વિવાદમાં આવી છે. રાજસ્થાન સ્કૂલ મામલે **DEO**નો મહત્ત્વનો આદેશ આપ્યો છે. ધોરણ -૯ હિન્દી મીડિયમના વર્ગો બંધ નહીં કરવા આદેશ કરાયો છે. નિયમ મુજબ સંસ્થાએ શાળા બંધ કરવાની અરજી આપવાની હોય છે.

**DEO**ના જણાવ્યા અનુસાર શાળાને નિયમ અનુસાર જ્ઞાન સહાયક શિક્ષક મળે પરંતુ શાળાએ નહીં લીધા હોવાની માહિતી આપી છે. ધોરણ ૯ હિન્દી મીડિયમના બાળકોને એડમિશન આપવા શાળાને સૂચના આપી છે. આ સાથે જ **DEO**એ જણાવ્યુ કે કોઈ પણ ગ્રાન્ટેડ શાળા અચાનક વર્ગ બંધ કરવા નિર્ણય ના લઈ શકે. ગ્રાન્ટેડ શાળાએ વર્ગ બંધ કરવાની અરજી ૬ મહિના પૂર્વે કરવાની રહે છે.

અમદાવાદની રાજસ્થાન શાળામાં અચાનક વાલીઓને બોલાવી વિદ્યાર્થીઓના **LC** આપ્યાની ઘટના બની હતી. જેમાં **LC** આપવાનું કારણ શાળામાં શિક્ષક ન હોવાનું આપવામાં આવ્યુ હતુ.

જેના કારણે વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો.

# શક્તિસિંહના પોલીસ તંત્ર પરના આક્ષેપ સામે ભાજપનો વળતો પ્રહાર

**આ સમગ્ર બાબતે વીડિયો કે ઓડિયો કોંગ્રેસ દ્વારા જાહેર કરેલ નંબર પર મોકલવાનું કોંગ્રેસનાં પ્રદેશ અધ્યક્ષ દ્વારા કહ્યું હતું**



અમદાવાદ, તા.૨૫

લોકસભાની ચૂંટણીને લઈ રાજકીય પક્ષો દ્વારા એકબીજા પર આક્ષેપબાજી શરૂ કરી છે. આ બાબતે કોંગ્રેસ દ્વારા તંત્ર દ્વારા મતદાતાઓને ડરાવવા તેમજ ધમકાવવાનાં પ્રયાસ થયા છે. આ સમગ્ર બાબતે વીડિયો કે ઓડિયો કોંગ્રેસ દ્વારા જાહેર કરેલ નંબર પર મોકલવાનું કોંગ્રેસનાં પ્રદેશ અધ્યક્ષ દ્વારા કહ્યું હતું. ગુજરાતમાં લોકસભા ચૂંટણીનો જંગ જામ્યો છે. ત્યારે રાજકીય પક્ષો દ્વારા પ્રચાર શરૂ કરી દેવામાં આવ્યો છે. જેમાં રાત્રીનાં સમયે રાજકીય પક્ષો દ્વારા બેઠકોનો દોર પણ શરૂ કર્યો છે. તેમજ સભાઓમાં એકબીજા પર આક્ષેપ બાજી પણ શરૂ કરી છે. તો બીજી તરફ રાજકીય પક્ષોનાં મજબૂત ઉમેદવારો દ્વારા પોતાની તાકાત અજમાવવા અન્ય અપક્ષ તેમજ કોંગ્રેસનાં ટેકેદારોને ધમકાવવાનો પણ પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. કોંગ્રેસનાં પ્રદેશ પ્રમુખ દ્વારા પોલીસ પર આક્ષેપ કરવામાં આવતા ભાજપનાં નેતા દ્વારા આ સમગ્ર મામલે પોતાની પ્રતિક્રિયા આપી હતી. ગુજરાત કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલે ટ્વિટ કરી પોલીસ તંત્ર પર આક્ષેપ લગાવ્યા હતા.રૂ તંત્ર દ્વારા મતદાતાઓને ડરાવવા તેમજ ધમકાવવાનાં પ્રયાસો થાય છે. તેમજ સત્તાધારી પક્ષ તરફી મતદાન કરાવવા તંત્ર દબાણ કરે છે. ત્યારે આ સમગ્ર બાબતે શક્તિસિંહ ગોહિલે દબાણ કરવામાં આવે છે તેવી રજૂઆતો મારી પાસે આવી છે. ત્યારે મદતાન બાબતે ધમકાવવામાં આવે તો વિડોય કે ઓડિયો રેકોર્ડિંગ કરો. તેમજ સીસીટીવી કેમેરા હોય તો તેની ફૂટેજ મેળવીને અમને મોકલો. અમારા વોરરૂમનાં વોટ્સએપ નંબર ૮૨૦૦૦૫૯૯૮૯ પર ક્લીપ મોકલવા કહ્યું હતું. શક્તિસિંહ ગોહિલે લગાવેલા પોલીસ તંત્ર પરનાં આરોપ પર ભાજપને નેતાએ તેઓની પ્રતિક્રિયા આપી હતી. આ બાબતે યમલ વ્યાસે જણાવ્યું હતું કે, ચૂંટણી સમયે તંત્ર અને પ્રશાસન ચૂંટણી અધિકારીઓની હસ્તક હોય છે. આવા નિવેદનથી કોંગ્રેસ પ્રજાને ગેરમાર્ગે દોરે છે. કોંગ્રેસ પોતાની હાર જોઈ રહી છે. મતદાતાઓને ધમકાવવાનાં પ્રયાસ થતા હોવાનો શક્તિસિંહ ગોહિલે આરોપ લગાવ્યો હતો.

## સુરતના એક વેપારી વિરૂધ્ધ મુંબઈ ખાતે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

# સરકારી કર્મચારીએ લાંચ માટે અપનાવી નવી મોડસ ઓપરેન્ડી




**ઓફિસમાંથી લેપટોપ, ડીવીઆર કંપનીના દસ્તાવેજો અને ડાયમંડ પણ લઈ લીધા હતા અને ઈકોસેલની કચેરી ખાતે લાવવામાં આવ્યા**

સુરત, તા.૨૫

સરકારી અધિકારીએ લાંચ માટે નવો કિમીયો અપનાવ્યો છે. પૈસા લેવા માટે કોઈ થર્ડ પાર્ટી કે વહીવટદાર રાખવાના બદલે સગાંસંબંધીઓનો જ ઉપયોગ કરવામાં આવે છે. આવી જ એક ઘટનામાં સુરતના એક વેપારી વિરુદ્ધ મુંબઈ ખાતે છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. આ વિગતના આધારે સુરત ઈકો સેલ દ્વારા **A.S.I** સાગર સંજય પ્રધાન આરોપીને પકડવા ગયા હતા.


ત્યારે પોલીસે આરોપી સાથે તેના ભાગીદારને પણ ઝડપી પાડ્યો હતો. એસીબીએ કાયદેસરની કાર્યવાહી કરી આ કર્મચારી વિરુદ્ધ પ્રમાણસર મિલકતની તપાસ પણ શરૂ કરવામાં આવી છે.

પોલીસે તપાસ કરી ભાગીદારની ઓફિસમાંથી લેપટોપ, ડીવીઆર કંપનીના દસ્તાવેજો અને ડાયમંડ પણ લઈ લીધા હતા અને ઈકોસેલની કચેરી ખાતે લાવવામાં આવ્યા હતા. જોકે, ગુનામાં સંડોવાયેલા વ્યક્તિને મુંબઈ પોલીસના હવાલે કરી દીધો હતો અને તેના ભાગીદારને છોડી મૂકવામાં આવ્યો હતો.ઓફિસમાંથી લઈ ગયેલા તમામ મુદ્દા માલ પરત મેળવવા માટે ભાગીદારે અનેક વાર સાગર પ્રધાનને કહ્યું હતું. ત્યારે આ તમામ મુદ્દામાલ પાછો આપવા માટે સાગર પ્રધાને કરી હતી. જોકે રકઝકના અંતે પાંચ લાખ રૂપિયા નક્કી કરવામાં આવ્યા હતા. ફરિયાદીએ આ મામલે સુરતના **ACB** એકમમાં ફરિયાદ કરી હતી. જેના આધારે આજ રોજ ટ્રેપ ગોઠવવામાં આવી હતી અને આ ટ્રેપમાં એએસઆઈ સાગર પ્રધાન વતી તેમનો વચેટીયો પાંચ લાખ રૂપિયાની લાંચ લેતા સુરતના અલકાપુરી સર્કલ પાસે પકડાઈ ગયો હતો.

C M Y K

# લોકશાહીના મહાપર્વમાં તા.૭મી મે મતદાન કરી, નાગરિક તરીકેની ફરજ અદા કરીએ

## સહજ યોગીની શૈલજા દેવીની અચૂક મતદાન માટે લોકોને અપીલ



જૂનાગઢ, તા.૨૫ : ગીરી તળેટીમાં આવેલા ગીરનાર સાધના આશ્રમના સહજ યોગીની શ્રી શૈલજા દેવીએ લોકશાહીના મહાપર્વમાં તા.૭મી મે એ મતદાન કરી એક નાગરિક તરીકેની ફરજ અદા કરવા માટે અપીલ કરી છે તેમણે તા.૭મી મે એ અન્ય કામોને બાજુ પર રાખી મતદાનને પ્રાથમિકતા આપવા અનુરોધ કરતા કહ્યું કે, ભવિષ્યના નિર્માણ માટે અને યોગ્ય નેતાની ચયન કરવા માટે મતદાન કરવું આવશ્યક છે. ત્યારે નિષ્ઠાપૂર્વક મતદાન કરીએ. તેમણે દેશમાં જુદા જુદા સ્થળો પ્રવાસો વચ્ચે પણ મતદાન કરવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા શક્તિરૂપ માતા બહેનો પણ ઉત્સાહપૂર્વક મતાધિકારનો ઉપયોગ કરવા માટે અનુરોધ કર્યો હતો.

અંતેવાસીઓનો સમાવેશ થાય છે. કથાના વ્યાસ પીઠે ભકિત વેદાંત વન ગોસ્વામી મહારાજ વૃદાવન બિરાજમા હતા જેના ૨૨ જેટલા ગુરૂના શિષ્યો વિદેશથી ખાસ સોમનાથ આવેલ છે. અંધ કથા શ્રાવકોને લાવવા, લઈ જવાની વ્યવસ્થા એસ્કોટ, ઈમરજન્સી કીટ, રહેવા-જમવા આયોજન કરાયું હતું. આ પ્રકારનું આ નવમું આયોજન છે. વર્ષમાં એક વખત કોઈને કોઈ તિર્થ ઉપર આવા આયોજન કરવામાં આવે છે જેમાં અત્યાર સુધી હરદ્વાર, રૂષીકેશ, શુકતાલ, સોમનાથ, લોએજનો સમાવેશ થાય છે.

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, શહેરના જુદા જુદા વિસ્તારોમાં ભગવાન શ્રી રામચંદ્રજીના પરમ ભકત પવનપુત્ર શ્રી હનુમાનજી મહારાજની જન્મ જયંતીમાં હનુમાન ચાલીસા, સુંદરકાંડના પાઠ, બટુક ભોજન, મંદિર સુશોભિત સહિત વિવિધ કાર્યક્રમો યોજી ધામ ધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. ઝાંઝરડા ચોકડીએ આવેલ શ્રી જલારામ ભક્તિ ધામ જલારામ મંદિર ખાતે વિવિધ પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ હતું. અને પ્રોત્સાહનરૂપી ઈનામ આપવામાં આવેલ હતા. આ કાર્યક્રમનું સંચાલન સાગરભાઈ નિર્મળ સહિતના કાર્યકરો દ્વારા કરવામાં આવેલ હતું. સાથે બટુક ભોજનની કામગીરીમાં ગિરનારી ગ્રુપ સહયોગી થયું હતું. અને વિશેષમાં વર્તમાન સ્થિતિમાં ખૂબ જ ગરમી પડવાના કારણે બપોરના સમયે પશુ, પંખીઓને પાણી પીવા માટેની તકલીફો પડતી હોવાનું જોવામાં આવેલ હતું .જેથી કરીને શહેરના જુદા જુદા વિસ્તારોમાં સર્વે તકલીફ ન પડે તે માટે સિમેન્ટની કુંડીઓનું ફ્રીમાં વિતરણ કરી બાજુમાં રહેતા લોકોને આ કુંડીઓમાં દિવસ દરમ્યાન સ્વચ્છતા રાખીને ક્યારે અને કેટલું પાણી ભરવું એ અંગેનું માર્ગદર્શન આપવામાં આવેલ હતું.

આ સદકાર્યમાં જૂનાગઢના જાણીતા મધરહુડ હોસ્પિટલના ડો.ડાયના અજુડીયા સુવાગીયા (સ્ત્રી રોગ નિષ્ણાંત) મેડમ જોડાયા હતા અને પોતાના વકતવ્યમાં ગિરનારી ગ્રુપની કામગીરી ખૂબ જ સરાહનીય ને ધન્યતાને પાત્ર છે. તેમ જણાવેલ હતું. આ કામગીરીમાં ઉનડકટ, ભાર્ગવભાઈ દેવમુરારી, સમીરભાઈ ઉનડકટ, સુધીરભાઈ રાજા, નરેન્દ્રસિંહ ચુડાસમા, સુરેશભાઈ વાઢીયા, સંદીપભાઈ ધોરડા, હરેશભાઈ કારીયા, દિનેશભાઈ રામાણી, વિનયભાઈ ઝાલાવાડીયા, ભાવેશભાઈ સુતરીયા, કિરીટભાઈ તન્ના, સુભાષભાઈ વાડલીયા, નેહલભાઈ પોપટ, બીપીનભાઈ ઠકરાર, શુભભાઈ વાઢીયા, મનીષભાઈ રાજા સહિતના લોકોએ તન, મન અને ધનથી સેવાઓ આપેલ હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# પરિમલ નથવાણીએ પ્રથમ ગુજરાત સુપર લીગ (GSL)ની ટ્રોફીનું અનાવરણ કર્યું



## GSL ગુજરાતમાં ફૂટબોલના વિકાસનું મહત્વપૂર્ણ સિમાચિહ્ન છે : પરીમલ નથવાણી

(પ્રતિનિધિ દ્વારા)

જામનગર, તા. ૨૫

ગુજરાત સુપર લીગ (**GSL**) એ ગુજરાત રાજ્યમાં ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલની એક મોટી પહેલ છે. ય્જીન્માટેની પ્રતિષ્ઠિત ટ્રોફીનું રાજયસભા સાંસદ અને ગુજરાત સ્ટેટ ફૂટબોલ એસોસિએશન (**GSFA**)ના પ્રમુખ પરિમલ નથવાણી દ્વારા ભારે ધામધૂમથી અનાવરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ય્જીન્માં ભાગ લેનારી ટીમના માલિકો, પ્રાયોજકો અને સમર્થકો હાજર રહ્યા હતા. પરીમલ નથવાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, રાજ્યમાં પ્રથમ વખત ફ્રેન્ચાઈઝી આધારિત ફૂટબોલ લીગનો પ્રારંભ થઈ રહ્યો છે. ગુજરાતમાં ફૂટબોલની રમતને મજબૂત કરવા માટે ય્જીહ્લછની આ એક મોટી પહેલ છે.

**GSFA**ને ગર્વ છે કે ગુજરાતના ઉદ્યોગસાહસિકો અને ઉદ્યોગપતિઓએ **GSL**ના વિચારને હૃદયપૂર્વક આવકાર્યો અને ટીમની માલિકી માટે સહેલાઈથી સંમત થયા. દરેક ટીમના માલિકે તેમની ટીમનું નામ પ્રેમપૂર્વક રાખ્યું છે. આમ, **GSL** ટુર્નામેન્ટમાં જે છ ટીમ ભાગ લેશે તે છેઃ અમદાવાદ એવેન્જર્સ (ગોડ **TMT** અને વિવાન ધ રાઈટ સ્ટીલ પ્રાઈવેટ લિમિટેડ), ગાંધીનગર જાયન્ટ્સ (**ANVI** સ્પોર્ટ્સ), કર્ણાવતી નાઈટ્સ (ધ એડ્રેસ), સૌરાષ્ટ્ર સ્પાર્ટન્સ (અક્ષિતા કોટન લિમિટેડ અને બીલાઈન), સુરત સ્ટ્રાઈકર્સ (લોયલ ઈક્વિપમેન્ટ્સ લિમિટેડ), વડોદરા વોરિયર્સ (કે એન્ડ ડી કોમ્યુનિકેશન લિમિટેડ).

પરીમલ નથવાણીએ જણાવ્યું હતું કે “અન્ય રાજયોની સરખામણીએ ગુજરાત ફૂટબોલમાં હજુ ઘણું પાછળ છે. ગુજરાત સુપર લીગ રાજયમાં ફૂટબોલની લોકપ્રિયતા વધારવા માટેની નાનકડી પહેલ છે. ય્જીન્માં હાલ છ ટીમ છે પરંતુ આગામી ત્રણ-ચાર વર્ષમાં અમે ટીમની સંખ્યા વધારીને ૧૨ સુધી લઈ જવાનું આયોજન ધરાવીએ છીએ.”

**GSL**ના મુખ્ય પ્રાયોજક અને સહયોગી સ્પોન્સર તરીકે અનુક્રમે ગુજરાત પ્રવાસન નિગમ અને સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત છે. ટ્રોફી અનાવરણ પ્રસંગ રાજયમાં ફૂટબોલને આગળ વધારવાની સામૂહિક પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. આ લીગમાં ભારતના ૧૦ રાજ્યોના ફૂટબોલ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. **GSL**થી ગુજરાતના ફૂટબોલ ખેલાડીઓને સમૃદ્ધ અનુભવ તેમજ એક્સપોઝરનો લાભ મળશે. આ તમામ છ ટીમ અતૂટ સમર્પણ સાથે ૧૫ એપ્રિલથી **IIT, PDE** અને **GFC** ના મેદાન ઉપર તેમની કૌશલ્યને નિખારી રહી છે. દરેક પ્રેક્ટિસ સેશન ગુજરાતને ફૂટબોલની શ્રેષ્ઠતા તરફ લઈ જવાની અદમ્ય ભાવનાનો પુરાવો છે. **GSL** ટુર્નામેન્ટ ૧ મે થી ૧૨મી મે દરમ્યાન અમદાવાદમાં **EKA** એરેના, ટ્રાન્સસ્ટેડિયા ખાતે યોજાવાની છે. મેચના દિવસો ૧, ૨, ૪, ૫, ૮, ૧૦ મે છે. ફાઈનલ ૧૨ મી મેના રોજ રમાશે. **GSL** મેચો આશાસ્પદ અને રોમાંચક બનવાની છે અને ફૂટબોલના ઉત્સાહીઓને કેટલીક અવિસ્મરણીય ક્ષણો પૂરી પાડશે.

દરેક ટીમ એકબીજા સામે એક મેચ રમશે અને ટોચની બે ટીમ ૧૨ મેના રોજ સાંજે ૭ વાગ્યે ફાઈનલ મેચ રમશે. **GSL**માં વિજેતા ટીમને રૂા. ૧૧ લાખનું ઈનામ આપવામાં આવશે, જ્યારે રનર્સ અપ રહેનારી ટીમને રૂક. ૫ લાખનું ઈનામ મળશે. આ સાથે જ, સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન ઉત્કૃષ્ટ પ્રદર્શન કરાનારા ખેલાડીઓને જુદી-જુદી આઠ કેટેગરીમાં રૂા. ૨૫,૦૦૦નું ઈનામ આપવામાં આવશે, તેમજ દરેક મેચના પ્લેયર ઓફ ધ મેચને રૂા. ૫,૦૦૦નું ઈનામ આપવામાં આવશે. ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે પ્રેક્ટીસથી શરૂ કરીને ફાઈનલ મેચ સુધી દરેક દિવસનું રૂા. ૧૫૦૦-૨૦૦૦ સુધીનું દૈનિક ભથ્થું આપવામાં આવશે, એમ **GSFA**ના ઓનરરી જનરલ સેક્રેટરી મૂળરાજસિંહ ચુડાસમાએ જણાવ્યું હતું. **GSL** ટ્રોફીના અનાવરણ સાથે, હવે સંપૂર્ણ ધ્યાન ટૂર્નામેન્ટ પર કેન્દ્રીત થાય છે. ગુજરાતમાં ફૂટબોલ માટેનો ઉત્સાહ તેની ચરમસીમાએ પહોંચ્યો છે અને ફૂટબોલના કૌશલ્યને પ્રદર્શિત કરવા માટેનો મંચ હવે સંપૂર્ણ રીતે સજ્જ છે.

**GSFA**ના ઓનરરી જનરલ સેક્રેટરી મૂળરાજસિંહ ચુડાસમાએ ટ્રોફી અનાવરણની વિધિનું સંચાલન કર્યું હતું. આ પ્રસંગે **GSFA**ના હોદ્દેદારો તથા એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

**GSL**ની મેચો માટેની સિઝન ટિકિટની કિંમત રૂા. ૪૯૯ રાખવામાં આવી છે, જ્યારે ફાઈનલ મેચની ટિકિટની કિંમત રૂા. ૩૯૯ રાખવામાં આવી છે. ટિકિટ **BookMyShow** ઉપરથી મળી શકશે.

# સોમનાથના સાનિધ્યમાં આવતીકાલે શ્રી ભાલકેશ્વર મિત્રમંડળ દ્વારા સર્વ હિન્દુ સમાજના ૪થા સમુહલગ્ન યોજાશે

## સમુહ લગ્નમાં ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી મહા રકતદાન કેમ્પનું આયોજન




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૨૫

સોમનાથ મહાદેવના સનિધ્યમાં શ્રી ભાલકેશ્વર મિત્ર મંડળ ભગાભાઈ ભીમા સોલંકી આયોજીત સર્વે હિન્દુ સમાજનો ૪થા સમુહ લગ્નોત્સવ આવતીકાલ તા.૨૬/૪/૨૦૨૪ શુક્રવારના રોજ સોમનાથ સાસણ રોડ ઉપર બાયપાસ ચોકડી પાસે આવેલ હોટલ ભાલકેશ્વર વિલા રિસોર્ટ ખાતે દિવસભર યોજાયેલ છે.

આ અંગે નિમંત્રક ભગાભાઈ સોલંકીએ જણાવ્યું કે, સર્વે હિન્દુ સમાજની મા-બાપ વગરની અથવા ગરીબ ઘરની દિકરીઓના આ ચોથા સમુહ લગ્નમાં ૩૩ નવદંપતિઓ પ્રભુતામાં પગલા પાડશે. જાન આગમન, હસ્ત મેળાપ,ભોજન સમારંભ, જાન વિદાય, દાંડીયારાસ સહિતના વિવિધ કાર્યક્રમો યોજાયા છે. દાતાઓ તરફથી કન્યાના કરીયાવર માટે દાન કરાઈ રહ્યા છે જેમાં ઘર ઉપયોગી વિવિધ વસ્તુઓ માટે આર્થિક સહયોગ દાતાઓ તરફથી મળેલ છે. ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી મહારકતદાન કેમ્પ પણ તે જ સ્થળે યોજાયેલ છે જેને માટે રજીસ્ટ્રેશન કરાવવા કરણ સોલંકી મો.નં.૯૯૨૫૦ ૯૫૧૧૧ સહિતના જાહેર કરાયેલ છે. સેવાના આ કાર્યક્રમાં સર્વત્ર ઉત્સાહમય વાતાવરણ છે.

ભગવાધારી સંત સાથે દુર્જનો માટે વપરાતી ભાષા વાપરી લે છે. કોઈ દોષ સાબિત થયા વિના જ સજા આપવાની ધમકી આપે છે. ઔષધાલય બંધ કરવાની ધોંસ દેખાડતાં ટ્રાયલ કોર્ટના કાર્યક્ષેત્રનું અધિગ્રહણ કરે છે. શું આ પરોક્ષ રૂપે એલોપેથિક દવાની ટીકા પર રોક લગાવવા અને તેની સાઈડ ઈફેક્ટ્સ પર ચાલતી ચર્ચા ખતમ કરવાનો પ્રયાસ છે?

હિંદુ-મુસ્લિમની આ રાજનીતિ પર આગળ વધતાં પહેલાં આંતરરાષ્ટ્રીય સ્તર પર ચાલતી ત્રણ વાતો ધ્યાનમાં રાખવી જોઈએ. હમાસ અને ઈઝરાયલ વચ્ચે ગાઝા પટ્ટી પર કબ્જો કરવા માટે જંગ ચાલુ છે. તેનો ઈરાન, સઉદી અરબ અને કતાર જ નહીં, બલ્કે રશિયા, યુરોપ, ચીન, અમેરિકા અને ભારત પર પણ દુષ્પ્રભાવ પડે છે. બીજી વાત, હાલમાં જ કતારની જેલમાં બંધ પૂર્વ ભારતીય નવ સૈનિકોની વાપસી થઈ છે. જ્યારે બીજી તરફ મોહંમદ બિન સલમાનના નેતૃત્વવાળા સઉદી અરબના લગભગ પાંચ લાખ હિંદુઓના હિતમાં મંદિરનું ઉદ્‌ઘાટન થયું છે. ઈદના અવસરે કેટલાય મંત્રી ત્યાં ફરી હાજર થયા હતા. સઉદી અરબે કટ્ટર ઈસ્લામનો અંચળો ફગાવી દીધો છે. સામાન્ય ભારતીય મુસ્લિમ પણ એ સમજવા લાગ્યો છે. સર તન સે જુદા કરનારી શક્તિનો ઉદય નષ્ટ થવા માટે જ થાય છે. આજે તેને સમજનારા ભારતમાં ઓછા નથી.

હવે વાત ફરીથી જાહેરાતના એ કેસની કરીએ જેનું તર્કસંગત સમાધાન સુધી પહોંચી શકવું આસાન નથી દેખાતું. એલોપથીને આગળ વધારનારી સંસ્થા સુપ્રીમ કોર્ટ પર આયુર્વેદિક ઔષધીઓની જાહેરાત સેન્સર કરવાની જવાબદારી સોંપે છે. મેડિસિનની સાઈડ ઈફેક્ટ્સને છૂપાવીને રોગ છૂમંતર કરનારી જાહેરાતો અને એઈડ્સ ઠીક કરનારા પાદરીઓના પાખંડને દૂર કર્યા વિના શું તેમને એવું કરવાનો નૈતિક અધિકાર છે? આજે શર્તિયા ઈલાજ કરનારા હકીમોના દાવા પર ચૂપકિદી સાધનારા માનનીયોની નૈતિકતા પર પણ સવાલ ઊભા થાય છે. સર્વોચ્ચ ન્યાયાલયના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિઓએ પણ એના પર સવાલ ઊભા કર્યા છે. અપરાધીઓને કઠેરામાં ઊભા કરનારા કોર્ટને જ કઠેરામાં ઊભા કરી બેઠા. આ 'ઈમરજન્સી'માં મૌલિક અધિકારનું હરણ કરનારા ફેંસલાની યાદ દેવડાવે છે.

રાજકારણમાં નૈતિકતાનો પાઠ ભણાવવા આવેલા એક નેતા આજે મુખ્યમંત્રીની ખુરશી પર ચિપકીને બેશરમીની તમામ હદો લાંઘી ચૂક્યા છે. નિર્લજ્જતાના આ દોરની સભ્યતાની ઓળખ જાહેરાત ખૂબ કરાવે છે. મહિલાઓને એ નથી દેખાતું કે જાહેરાતોમાં આધુનિ મહિલાની છબિ આદમ યુગની જેમ વસ્ત્રવિહીન છે. આ યુગમાં અવમાનનાની વાત કરનારા નૈતિકતાને ભૂલવાની રાજનીતિ કરે છે. માત્ર થોડા મહીના પહેલાની વાત છે જ્યારે સુપ્રીમ કોર્ટ પર કીચડ ઉછાળવાના દોષીત એક વરિષ્ઠ વકીલે માફી માંગવાનો જ ઈનકાર કરી દીધો હતો! તેમની ભૂલ પર પાઠ ભણાવવા માટે માત્ર એક રૂપિયાનો દંડ કરવામાં આવ્યો અને તેને ચૂકવવા માટે ૧૫ દિવસની મહોલત આપનારા પોતે જ ધ્રુજી રહ્યા હતા!

એવામાં ભ્રામક જાહેરાતો પર રોક લગાવીને જ આ કેસ યુક્તિસંગત સમાધાન સુધી પહોંચી શકે છે. જો એવું ન થાય તો આ ચૂંટણીની સિઝનમાં ધ્રુવીકરણનું જ કારણ બની શકે છે. તેની સાઈડ ઈફેક્ટ્સનું અનુમાન કોઈપણ કરી શકે છે.

હથિયારની દાણચોરીની ધરપકડ કરી છે. આ કાર્યવાહી અંગે માધુપુર એસડીપીઓએ જણાવ્યું હતું કે લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને ગેરકાયદેસર હથિયારો ઝડપવા માટે સતત દરોડા પાડવામાં દેશી બનાવટની પિસ્તોલ અને ચાર જીવતા કારતૂસ મળી આવ્યા હતા.જ્યારે પોલીસે આરોપી મહિલાની પૂછપરછ કરી તો તેણે પોલીસને જણાવ્યું કે તે બિહારના જમુઈ અને મુંગેરથી હથિયારો લાવતી હતી પણ છે. એસડીપીઓ સુમિત સૌરભે જણાવ્યું કે આરોપી મહિલા રૂબિયા ખાતૂનની હથિયાર ખરીદી અને વેચાણ કેસમાં ધરપકડ કરવામાં આવી છે. તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## પંજાબના સીએમ મરિયમ નવાઝ સાથે મુલાકાત

# ઈરાનના રાષ્ટ્રપતિની મુલાકાતને કારણે લાહોર અને કરાચીમાં જાહેર રજા

### ઈરાનના રાષ્ટ્રપતિની મુલાકાત પહેલા સુરક્ષા કારણોસર મુખ્ય રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા

લાહોર, તા.૨૫

ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસી પાકિસ્તાનની ત્રણ દિવસીય મુલાકાતે છે. તેમણે મંગળવારે કડક સુરક્ષા વચ્ચે પાકિસ્તાનના પૂવી શહેર લાહોર અને દક્ષિણ શહેર કરાચીની મુલાકાત લીધી હતી. રાયસીએ સોમવારે (૨૨ એપ્રિલ) પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં કડક સુરક્ષા વચ્ચે તેમની ત્રણ દિવસીય પાકિસ્તાનની મુલાકાત શરૂ કરી.એજન્સીના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન સરકારે મંગળવારે લાહોર અને કરાચીમાં જાહેર રજા જાહેર કરી હતી કારણ કે ઈરાનના રાષ્ટ્રપતિની મુલાકાત પહેલા સુરક્ષા કારણોસર મુખ્ય માગી પર ટ્રાફિક બંધ કરી દેવામાં આવ્યો હતો.

લાહોરમાં, રાયસીએ પાકિસ્તાનના રાષ્ટ્રીય કવિ અલ્લામા મોહમ્મદ ઈકબાલની સમાધિની મુલાકાત લીધી, જ્યાં એક જૂથે તેમનું સન્માન કર્યું. તેમણે ઈકબાલની કબર પર ફૂલ ચઢાવી પ્રાર્થના કરી.પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝે લાહોરમાં ઈરાનના રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાઈસી સાથે મુલાકાત કરી હતી. તેમણે સાંસ્કૃતિક વિનિમય વધારવા અને લોકો-થી-લોકોના સંપકીને પ્રોત્સાહન આપવાની વાત કરી. આ પછી, રાયસી કરાચીમાં પાકિસ્તાનના સંસ્થાપક કાયદે આઝમ મોહમ્મદ અલી ઝીણાની કબર પર ગયા, જ્યાં તેમણે પ્રાર્થના કરી.એક અખબારી યાદીમાં જણાવાયું છે કે રાયસીને સિંધ પ્રાંતના ગવર્નર દ્વારા માનદ ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અજ્ઞાન એ સર્વ પાપો અને દુઃખોનું મૂળ છે.

- સ્વામી રામતીથ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧, તા.૨૫ એપ્રિલ ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૧૫, વિશાખા નક્ષત્ર, વ્યતિપાત યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૨૫, સૂ.અ.૭:૧૫

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત), રાત્રે ૮:૦૦ ક. પછી જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: યશ, કીર્તિ પ્રાપ્ત થાય. પ્રિયજનથી મદદ મળે.
વૃષભ:જીવનસાથી સાથે વિશેષ સ્નેહ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ મળે.
મિથુન:કાર્યબોજમાં વધારો થાય. આર્થિક લાભની તક સાંપડે.
કર્ક: મનોકામના પૂર્ણ થાય. સંપત્તિને લગતા કાર્યોમાં સફળતા મળે.
સિંહ: એક સાંધો ત્યાં તેર તૂટે તેવી પરિસ્થિતિ સર્જાય. ગૃહવિવાદ.
કન્યા: વિરોધીઓને પીછે હટ કરવી પડે.જૂના મિત્રોની મદદ મળે.
તુલા: મિલન-મુલાકાત નિષ્ફળ નિવડે. મન વ્યગ્ર રહે.
વૃશ્ચિક:કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.
ધન: વાણી સંયમ જાળવવો હિતાવહ. વિલંબ બાદ કાર્યમાં સફળતા મળે.
મકર: હિતશત્રુઓથી સાવધ રહેવું. આરોગ્ય બાબતે સંભાળવું.
કુંભ: મનમાં બેચેની રહે. લાલચથી દૂર રહેવું હિતાવહ.
મીન: આકસ્મીક ધન લાભ થવાની શક્યતા. ધીરજના ફળ મીઠા મળે.

ઈરાનની સત્તાવાર સમાચાર એજન્સીએ અહેવાલ આપ્યો હતો કે ઈરાની મુસ્લિમોનું પહેલું જૂથ ઉમરાહ માટે સાઉદી રવાના થઈ ગયું છે. આ એ વાતનો સંકેત છે કે ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે સાઉદી-ઈરાનના સંબંધોમાં સુધારો થઈ રહ્યો છે.ઈરાની મીડિયાએ ગયા વર્ષે ડિસેમ્બર મહિનામાં માહિતી આપી હતી કે સાઉદી અરેબિયાએ ઉમરાહ કરવા ઈચ્છતા ઈરાનીઓ પરનો મોડી થઈ રહી છે.ઉમરાહ પરનો પ્રતિબંધ હટાવ્યા બાદ ઈરાનના ૮૫ મુસ્લિમો સાઉદી અરેબિયા જવા રવાના થયા છે. સોમવારે જ્યારે તેઓ તેહરાનના મુખ્ય એરપોર્ટથી સાઉદી જવા રવાના થઈ રહ્યા હતા ત્યારે ઈરાનમાં સાઉદીના રાજદૂત અબ્દુલ્લા બિન સઈદ અલ-અંજી પણ ત્યાં હાજર હતા.સાઉદી અને ઈરાન વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવામાં ચીને મોટી ભૂમિકા ભજવી છે. માર્ચ ૨૦૨૩ માં ખરાબ હતા ત્યારે પણ ઈરાની મુસ્લિમોને હજ માટે સાઉદી અરેબિયાના મક્કા શહેરમાં આવવાની મંજૂરી આપવામાં આવી હતી. હજ એ એક ધાર્મિક ફરજ છે જે મુસ્લિમો માટે ફરજિયાત માનવામાં આવે છે જે જીવનમાં એક જ વાર નિભાવવી જોઈએ. જ્યારે ઉમરાહ આખા વર્ષ દરમિયાન થાય છે, ત્યારે હજ વર્ષના ચોક્કસ સમયે થાય છે. દરેક દેશમાં હજ માટે વાર્ષિક ક્વોટા હોય છે.

## નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીને મળી મોટી સફળતા

# ૭૦૦ કરોડના અટારી ડ્રગ્સ કેસમાં વધુ એક દાણચોરની ધરપકડ



નવી દિલ્હી, તા.૨૫

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૨૦૨૨ અટારી બોર્ડર ડ્રગ બસ્ટ કેસમાં મુખ્ય આરોપીની ધરપકડ કરી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે મુખ્ય આરોપી તહસીમ ઉર્ફે મોતા, ઉત્તર પ્રદેશના શામલીનો રહેવાસી છે, જે આ કેસમાં પકડાયેલો સાતમો આરોપી છે.માહિતી અનુસાર, એપ્રિલ ૨૦૨૨ માં, કસ્ટમ્સ વિભાગે ૭૦૦ કરોડ રૂપિયાની કિંમતનું ૧૦૩ કિલો હેરોઈન જપ્ત કર્યું હતું જે અટારી-અમૃતસર થઈને ઈન્ટિગ્રેટેડ ચેક પોસ્ટ પરથી અફઘાનિસ્તાનથી ભારતમાં દાણચોરી કરવામાં આવી રહ્યું હતું. આ દવાઓ લિકરિસ મૂળના કન્સાઈનમેન્ટમાં છુપાવવામાં આવી હતી.નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, અટારી બોર્ડર પર ડ્રગ્સની દાણચોરી અને જપ્તી કેસમાં, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ અન્ય મુખ્ય આરોપીની ધરપકડ કરી છે, જે વિદેશમાં સ્થિત ફરાર માસ્ટરમાઈન્ડ્સને ડ્રગ્સ વેચીને મેળવેલા નાણાં મોકલવામાં સામેલ હતો. રીઢો ગુનેગાર તહસીમે પંજાબમાંથી ઘણી વખત તેના ખાતામાં રોકડ જમા કરાવી છે. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી દ્વારા આરોપીઓના કેટલાક સહયોગીઓની નાણાકીય તપાસમાં ખુલાસો થયો છે કે તહસીમને મળેલા પૈસા ડ્રગ્સ વેચીને મેળવ્યા હતા.૧૬ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ આ કેસમાં દુબઈ સ્થિત શાહિદ અહેમદ ઉર્ફે કાઝી અબ્દુલ વદુદ, નઝીર અહેમદ કાની, રાઝી હૈદર ઝૈદી અને વિપિન મિત્તલ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરી હતી. આમાં શાહિદ અહેમદ અને નઝીર અહેમદ કાની ફરાર છે. આ કેસમાં અગાઉ રાઝી હૈદર અને વિપિન મિત્તાલની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી અન્ય એક આરોપી અમૃતપાલ સિંહ ૧૫ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ દેશ છોડીને ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો ત્યારે તેની ધરપકડ કરવામાં આવી હતી. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીના જણાવ્યા અનુસાર, અમૃતપાલ સિંહ પાસેથી ૧.૩૪ કરોડ રૂપિયાની ડ્રગની રકમ રિકવર કરવામાં આવી હતી અને સંબંધિત કાયદાકીય જોગવાઈઓ હેઠળ જપ્ત કરવામાં આવી હતી. એજન્સીએ ૯ એપ્રિલે કહ્યું હતું કે તેણે આ કેસમાં પંજાબના તરનતારનના નૌશેહરા પન્નુઆનમાં રહેતા અન્ય આરોપી હરવિંદર સિંહ ઉર્ફે સોશી પન્નુની ધરપકડ કરી છે.

પિતા/વાલીઓ સાથે બેઠકો ફાળવવામાં આવે, જો તેઓ સમાન **PNR** ઉપર મુસાફરી કરી રહ્યા હોય અને તેનો રેકોર્ડ સીટ સોંપવાની જોગવાઈ પણ છે. **DGCA**ના ધ્યાન ઉપર આવ્યું હતું કે, ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને તેમના માતા-પિતા/ તમારી સીટ પસંદ કરવા માટે વધારાનો ચાર્જ કરે છે, જેમાં પ્લેનમાં તેમના બાળકની બાજુમાં બેસવા માંગતા માતા-પિતાનો છે કે, પરિવારો મફતમાં સાથે બેસી શકે. હું અમેરિકન એરલાઈન્સની પ્રશંસા કરૂં છું કે, તે તેની ગ્રાહક સેવા યોજનામાં આ ગેરંટી માટે પ્રતિબદ્ધ પ્રથમ યુએસ એરલાઈન બની છે. જવાબમાં પ્રમુખ બાઈડેને ટ્વિટ કર્યું કે, મેં મારા સ્ટેટ ઓફ ધ યુનિયનમાં કુટુંબની બેઠક ફી નાબૂદ કરવા એરલાઈન્સ માટે હાકલ કરી અને આજે અમેરિકન એરએ જાહેરાત કરી કે, તેઓ આવું કરી રહ્યા છે. કોઈએ તેમના બાળકો સાથે બેસવા માટે વધારાના પૈસા ચૂકવવા ન જોઈએ. અન્ય એરલાઈન્સ માટે તેને અનુસરવાનો સમય છે. ભારત સહિત વૈશ્વિક સ્તરે એરલાઈન્સ ચાર્જ માટે પ્રી-સીટ સિલેક્શન ઓફર કરે છે અને જેઓ આ ચૂકવવા માંગતા નથી તેઓને જે પણ સીટો પ્રી-બૂક કરવામાં આવી ન હોય તેમને ફાળવવામાં આવે છે. પરિણામે એકસાથે મુસાફરી કરતા જૂથો અથવા પરિવારોને મોટે ભાગે ફ્લાઈટમાં અલગ બેસવું પડે છે.

# આગામી ૩ દિવસમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીને પાર નીકળી જશે



અમદાવાદ, તા.૨૫

રાજ્યમાં ચાર દિવસ સામાન્ય રાહત બાદ ફરી એકવાર તીવ્ર ગરમીની શરૂઆત થઈ ગઈ છે. રાજ્યમાં આગામી ૨૪ કલાક બાદ ફરી એકવાર અનેક સ્થળોએ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીને પાર જવાની સંભાવના છે. જ્યારે બે દિવસ પારો ૪૨ ડિગ્રીને પાર જવાની શક્યતા છે. જો કે, આગામી દિવસોમાં હીટવેવની કોઈ આગાહી કરવામાં આવી નથી. રાજ્યમાં ગરમીમાં સામાન્ય ઘટાડા બાદ ફરી એકવાર ગરમીનો પારો ઊંચકાયો છે. રાજ્યમાં એપ્રિલ મહિનાની શરૂઆતમાં જ હવામાન વિભાગે આગાહી કરી હતી કે, એપ્રિલ મહિનાના છેલ્લા સપ્તાહમાં અને મે મહિનાના પ્રથમ સપ્તાહમાં ગુજરાતમાં ભયંકર ગરમીનો પ્રકોપ રહેશે. એ આગાહી સાચી પડતાં આગામી ત્રણ દિવસ બાદ મહત્તમ તાપમાન ૪૨થી ૪૩ ડિગ્રીથી વધુ નોંધાઈ શકે છે. હાલમાં ગુજરાત ઉપર ઉત્તર-પશ્ચિમ દિશા તરફથી પવનો ફુંકાઈ રહ્યા છે, જેને કારણે ધીમે-ધીમે તાપમાનનો પારો ઊંચકાઈ રહ્યો છે. વાત કરીએ મહત્તમ તાપમાનની તો રાજ્યમાં વલ્લભ વિદ્યાનગર ખાતે સૌથી વધુ ૪૦.૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જ્યારે રાજકોટ અને સુરેન્દ્રનગરમાં ૩૯.૭, અમદાવાદ, ગાંધીનગર અને અમરેલીમાં ૩૯.૬, વડોદરા અને ભૂજમાં ૩૯.૨, ડીસા અને કંડલા એરપોર્ટમાં ૩૮.૪, જ્યારે સુરત અને ભાવનગરમાં મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી નોંધાયું હતું. આમ ગતરોજની તુલનામાં તાપમાનમાં ૧થી ૨ ડિગ્રીનો વધારો જોવા મળ્યો છે. જ્યારે આગામી દિવસોમાં ગરમી ફરીથી જોર બતાવશે તેવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

# સુપ્રીમ કોર્ટે વિકલાંગ બાળકોની માતાઓ માટે બાળ સંભાળ રજાને સમર્થન આપ્યું

નવી દિલ્હી, તા.૨૫

ભારતની સર્વોચ્ચ અદાલતે જાહેર કર્યું કે, વિકલાંગ બાળકની સંભાળ રાખતી માતાને ચાઈલ્ડ કેર લીવ **(CCL)** નકારવાથી કર્મચારીઓમાં મહિલાઓની સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવાની રાજ્યની બંધારણીય જવાબદારીનું ઉલ્લંઘન થશે. ૨૨ એપ્રિલ, સોમવારના રોજ ચુકાદો આપવામાં આવ્યો હતો. બેન્ચ ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જે.બી પારડીવાલાની બનેલી છે. તેઓએ બાળ સંભાળ રજાની ભૂમિકા અને મહિલાઓને રોજગારમાં સમાન તકો જાળવવા સક્ષમ કરવાના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો હતો.તેઓએ પ્રકાશિત કર્યું કે, આવી રજાઓનો ઈન્કાર કામ કરાતા માતાઓને તેમની નોકરી છોડી દેવાની ફરજ પડી શકે છે, ખાસ કરીને ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોની સંભાળ રાખનારાઓ માટે આ પરિસ્થિતિ ગંભીર છે. બેન્ચે ચુકાદા દરમ્યાન જણાવ્યું હતું કે, બાળકની સંભાળ રજા એ એક મહત્ત્વપૂર્ણ બંધારણીય ઉદ્દેશ્ય છે જ્યાં મહિલાઓને કાર્યબળમાં સમાન તકને નકારી શકાતી નથી. આ મુદ્દાની ગંભીરતાને ઓળખીને, સુપ્રીમ કોર્ટે હિમાચલ પ્રદેશના મુખ્ય સચિવની આગેવાની હેઠળ એક સમિતિની રચના કરવાનો નિર્દેશ આપ્યો હતો જે વિકલાંગ બાળકો સાથે કામ કરતી મહિલાઓને બાળ સંભાળ રજાઓ આપવા ઉપર એક વ્યાપક નીતિ વિકસાવે છે. હિમાચલ પ્રદેશમાં ભૂગોળ વિભાગના સહાયક પ્રોફેસરની અરજી દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો હતો, જેમના પુત્રને આનુવંશિક વિકૃતિ છે અને જન્મથી જ તેની અનેક સર્જરીઓ થઈ છે. મહિલાની તેના પુત્રની સારવાર માટે તેની મંજૂર રજાઓ પૂરી થઈ ગઈ હતી તેથી કેન્દ્રીય નાગરિક સેવા નિયમો આવા સંજોગોમાં બાળ સંભાળ રજાઓ માટે મંજૂરી આપે છે. સર્વોચ્ચ અદાલતે ભારપૂર્વક જણાવ્યું હતું કે, કર્મચારીઓમાં મહિલાઓની ભાગીદારી એ માત્ર વિશેષાધિકાર નથી પરંતુ બંધારણીય આવશ્યકતા છે અને રાજ્યએ, એક આદર્શ કર્મચારી તરીકે, આ પાસાને પ્રાથમિકતા આપવી જોઈએ. વધુમાં, સર્વોચ્ચ અદાલતે રાજ્ય સરકારને બાળ સંભાળ રજાઓ અંગેની તેની હાલની નીતિને રાઈટ્સ ઓફ પર્સન્સ વિથ ડિસેબિલિટીઝ એક્ટ, ૨૦૧૬ સાથે સંરેખિત કરવા માટે પણ નિર્દેશ આપ્યો હતો, જેથી ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોને ઉછેરતી માતાઓને પર્યાપ્ત સમર્થન મળે તેની ખાતરી કરી શકાય. **CJI** ડી.વાય ચંદ્રચુડે ભારપૂર્વક જણાવ્યું હતું, રાજ્યની નીતિના ક્ષેત્રો બંધારણીય સલામતી સાથે સુમેળભર્યા હોવા જોઈએ. અમે હિમાચલ પ્રદેશ રાજ્યને **RPWD** એક્ટ સાથે સુસંગત માતાઓ માટે બાળ સંભાળ રજા ઉપર પુર્નઃ વિચાર કરવા નિર્દેશ આપીએ છીએ. કોર્ટના ચુકાદાની દૂરગામી અસરો થવાની તૈયારી છે, જે મહિલાઓ અને વિકલાંગ બાળકોના અધિકારોનું સમર્થન કરતી નીતિઓના મહત્વને પ્રકાશિત કરે છે.

માટે વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજાએ કેજરીવાલની તેમના ડોક્ટર સાથે વીડિયો કન્સલ્ટિંગની અરજીને નકારી કાઢી હતી. અગાઉ ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળના કેન્દ્ર ઉપર આકરા આરોપો મૂકતા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલે કહ્યું હતું કે, તેમના પતિ દ્વારા ખાવામાં આવતી દરેક ચીજવસ્તુ ઉપર નજર રાખવામાં આવી રહી છે અને તેમને જેલમાં ઈન્સ્યુલિન આપવાની ના પાડીને 'મારી નાખવા'ના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પૂર્વ વિશ્વમાં પ્રથમ સ્થાને લાવવા માંગે છે. સુનીતા કેજરીવાલે આરોપ લગાવ્યો હતો કે, દિલ્હીના મુખ્યમંત્રીને જેલમાં ઈન્સ્યુલિનની મંજૂરી આપવામાં આવી રહી નથી અને દાવો કર્યો કે, તેઓ છેલ્લા ૧૨ વર્ષથી ઈન્સ્યુલિન લઈ રહ્યા છે. તેણે વધુમાં આરોપ લગાવ્યો કે સીએમ કેજરીવાલની હત્યાનું કાવતરૂં ઘડવામાં આવી રહ્યું છે. કેજરીવાલની ૨૧ માર્ચના રોજ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દિલ્હીના મુખ્યમંત્રીની મની-લોન્ડ્રિંગ કેસના સંબંધમાં ધરપકડ કરવામાં આવી હતી. તેઓ ૧ એપ્રિલથી તિહાર જેલમાં બંધ છે. આરએમએલ હોસ્પિટલના કર્યા પછી નોંધ્યું હતું કે, 'અન્ડરટ્રાયલ કેદી (કેજરીવાલ)ના ન્યાયિક કસ્ટડીમાં રહ્યા ત્યારથી તેના તમામ પરિમાણો અને મહત્ત્વપૂર્ણ બાબતોને ધ્યાનમાં લેતા, તેમના બ્લડ સુગરનું સ્તર સામાન્ય છે અને ઈન્સ્યુલિનના વહીવટની જરૂર નથી.' તિહાર પ્રશાસને **AAP**ના વડા માટે આહાર યોજનાની માંગણી કરતા **AIIMS**ને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે, 'કેજરીવાલ મીઠાઈ, લાડુ, કેળા, કેરી, ફ્રુટ ચાટ, તળેલા ખોરાક, નમકીન, ભુજિયા, જેવા વધુ ખાંડવાળા ખોરાકનું સેવન કરે છે. મીઠી ચા, દરરોજ માત્ર ૨૦ મિલી તેલનો વપરાશ કરવાની છૂટ છે. કેજરીવાલ દ્વારા તેમના ડોક્ટર સાથે વીડિયો કોન્ફરન્સિંગની માંગણી ઉપર, તિહાર પ્રશાસને કહ્યું છે કે, સરકારી પરિપત્ર મુજબ, કોઈ ખાનગી હોસ્પિટલની સલાહ લેવામાં આવે નહીં. આમ આદમી પાર્ટીએ કહ્યું કે, અરવિંદ કેજરીવાલ 'ડાયાબિટીસના ગંભીર દર્દી' છે અને તેમને નોવોરાપીડના ૨૮ યુનિટ (ત્રણ ભોજન પહેલાં) અને ૨૨ યુનિટ રાત્રે આપવામાં આવ્યા હતા. તેમને દરરોજ કુલ ૫૦ યુનિટ ઈન્સ્યુલિન આપવામાં આવતું હતું.

# માથાના દુખાવાને કારણે ડેન્ટિસ્ટનું ઊંઘમાં જ અવસાન; શું માઈગ્રેનથી મૃત્યુનું જોખમ વધી શકે છે ?

૨૪ વર્ષીય દંત ચિકિત્સકનું નિંદ્રામાં અવસાન થયું હતું અને તેની આગલી રાત્રે તેણે ગંભીર માથાનો દુઃખાવાની ફરિયાદ કરી હતી. સ્વાતિ શેટ્ટીએ તેની માતાને કહ્યું કે તેને માઈગ્રેન છે, તેણે કહ્યું કે તે બીજા દિવસે તેની સાથે વાત કરશે અને તે સૂઈ ગઈ હતી અને જ્યારે તેના રૂમમેટે તેને જગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે સ્વાતિનું શરીર ઠંડુ પડી ગયું હતું. સ્વાતિના પરિવારના જણાવ્યા અનુસાર, તેને માઈગ્રેન સિવાય બીજી કોઈ બીમારી ન હતી. માઈગ્રેન તમારા સ્વાસ્થ્ય માટે કેવી રીતે હાનિકારક છે તે જાણો. મેંગલુરૂની ૨૪ વર્ષીય દંત ચિકિત્સકનું માથાના તીવ્ર દુઃખાવાથી મૃત્યુ થયું હતું. ડોકટરોના જણાવ્યા અનુસાર, સ્વાતિ શેટ્ટીએ રાત્રે તેની માતા સાથે ફોન ઉપર વાતચીતમાં તેણીને માથામાં દુઃખાવાની વાત કહી અને કહ્યું કે તે બીજા દિવસે તેની સાથે વાત કરશે. જો કે, તે પછી તે સૂઈ ગઈ હતી અને જ્યારે તેના રૂમમેટે તેને જગાડવાનો પ્રયાસ કર્યો ત્યારે સ્વાતિનું શરીર ઠંડુ પડી ગયું હતું. ત્યારબાદ સ્વાતિને હોસ્પિટલ લઈ જવામાં આવી, પરંતુ ત્યાં સુધીમાં તેનું મૃત્યુ થઈ ચૂક્યું હતું. સ્વાતિના પરિવારના જણાવ્યા અનુસાર, તેને માઈગ્રેન સિવાય બીજી કોઈ બીમારી ન હતી. અમેરિકન માઈગ્રેન ફાઉન્ડેશન મુજબ માઈગ્રેન હાર્ટ એટેક અને એન્જાઈના સહિત હૃદય રોગનું જોખમ વધારી શકે છે. ડોક્ટર્સ કહે છે કે તે સોજો, લોહી ગંઠાઈ જવું અને ધમનીઓની અન્ય ઘણી સમસ્યાઓને કારણે થાય છે. માઈગ્રેન અને સ્ટ્રોક વચ્ચે પણ એક કડી છે. ઓરા સાથે આધાશીશી ઈન્ફાર્ક્શનનું જોખમ વધારે છે. ઈસ્કેમિક સ્ટ્રોક આધાશીશીના હુમલા દરમ્યાન થાય છે. સ્ટ્રોક મગજની રક્તવાહિનીઓમાં અવરોધ અથવા મગજમાં રક્તસ્રાવને કારણે થાય છે. જો કે, ડોકટરોના મતે, યોગ્ય ઈતિહાસ, ક્લિનિકલ મૂલ્યાંકન અને પરીક્ષણો વિના, દર્દીઓમાં સ્ટ્રોક અને માઈગ્રેન વચ્ચે તફાવત કરવો મુશ્કેલ બની શકે છે. નિષ્ણાતો કહે છે કે વારંવાર થતાં કોઈપણ પ્રકારના માથાના દુઃખાવા માટે સંપૂર્ણ મૂલ્યાંકન અને તપાસ માટે ન્યુરોલોજીસ્ટને મળવું જોઈએ. એપિસોડિક ટેન્શન માથાનો દુઃખાવો અને ક્યારેક તેનું હળવું સ્વરૂપ આરામ અને ઓવર-ધ-કાઉન્ટર દવાઓ અથવા પીડાનાશક દવાઓથી દૂર થઈ જાય છે.

**શું આધાશીશી મગજને નુકસાન પહોંચાડે છે ? :-**

અમેરિકન જર્નલ ઓફ પેથોલોજીમાં પ્રકાશિત થયેલા અભ્યાસ મુજબ, માઈગ્રેન માથાનો દુઃખાવો સફેદ પદાર્થના મગજના જખમ માટે નોંધપાત્ર જોખમી પરિબળો છે. સફેદ પદાર્થ મગજના વિવિધ પ્રદેશોમાં ચેતાકોષોને જોડતા ચેતા તંતુઓના વિશાળ નેટવર્કનો સંદર્ભ આપે છે. આ જખમ, અથવા પેશીઓની ઈજાઓ, સંભવિતપણે શારીરિક અથવા જ્ઞાનાત્મક સમસ્યાઓ તરફ દોરી શકે છે. મગજના કાર્યાત્મક નેટવર્ક્સ, મગજના ભાગો જે સંવેદનાત્મક પ્રક્રિયાથી લઈને મેમરીના કાર્યોને નિયંત્રિત કરવા સાથે મળીને કામ કરે છે, તે એપિસોડિક માઈગ્રેન ક્રોનિક માઈગ્રેનમાં અથવા તેનાથી વિપરિત થવાની સંભાવના વિશે સંકેતો પ્રદાન કરી શકે છે.

**માઇગ્રેન સાથે સંકળાયેલા કેટલાક જોખમોમાં નીચેનાનો સમાવેશ થાય છે :**

● અચાનક, તીવ્ર માથાનો દુઃખાવો જે મિનિટોમાં અસહ્ય તીવ્રતા સુધી વધી જાય છે - જેને થન્ડરક્લેપ માથાના દુઃખાવા તરીકે પણ ઓળખવામાં આવે છે. તે સામાન્ય રીતે મગજની જગ્યાઓમાં જીવલેણ રક્તસ્રાવને કારણે થાય છે.

● અગાઉના કોઈપણ માથાના દુઃખાવા, અથવા આવર્તન અથવા તીવ્રતામાં વધારો અથવા અગાઉની અસરકારક ઉપચારોની બિનઅસરકારકતા.

● એવો માથાનો દુઃખાવો જેના લીધે તમે રાત્રે જાગી જાવ છો.

● ઉધરસ, છીંક અથવા વજન ઊંચકતી વખતે માથાનો દુઃખાવો વધે છે.

● ચહેરા, હાથ અથવા પગમાં નબળાઈ જેવા કોઈપણ લક્ષણો સાથે માથાનો દુઃખાવો; નિષ્ક્રિયતા અથવા સંકલનની સમસ્યાઓ; દ્રષ્ટિમાં ફેરફાર; ભાષા અથવા વાણી સમસ્યાઓ; ચક્કર; મૂંઝવણ; વગેરે.

રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં હાલ પવન ઉત્તર પશ્ચિમ દિશા તરફ ફૂંકાઈ રહ્યા છે. ત્યારે આજે અમદાવાદ હવામાન વિભાગના ડાયરેક્ટર દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ હીટવેવ, વરસાદ અને તાપમાન અંગેની આગાહી કરી છે તે આપણે જોઈએ.

આ સાથે એ. કે દાસે એમ પણ જણાવ્યુ છે કે, છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ તાપમાન વલ્લભવિદ્યાનગરમાં

અમદાવાદ અને ગાંધીનગરમાં ૩૯.૬ ડિગ્રી તાપમાન નોંધાયુ છે. આ સાથે તેમણે જણાવ્યુ કે, આગામી ૨૪ કલાકમાં અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ રહેશે.

ગુજરાતના દરિયાકાંઠાની સ્થિતિ અંગે વાત કરતા તેમણે જણાવ્યુ છે કે, દરિયાકાંઠે પવનની દિશા ઉત્તર પશ્ચિમની રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, હાલ કોઈ ડિસકમ્ફર્ટની સ્થિતિ રહેશે નહીં.

ઉનાળાના બળબળતા તાપ વચ્ચે ખેતી કાર્યોમાં રાજ્યના ખેડૂતો હીટવેવથી બચી શકે તે

દ્વારા હીટવેવ સામે લેવાના સાવચેતીના પગલાઓ અંગે સામાન્ય એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

આ એડવાઈઝરીમાં સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાતના મગફળી, કેળ, ઉનાળુ મગ, ઉનાળુ ડાંગર, ઉનાળુ શાકભાજી, ઉનાળુ બાજરી પકવતા ખેડૂતોને ખેતી કાર્યોમાં યોગ્ય કાળજી લેવા અનુરોધ કરાયો છે. આ એડવાઈઝરીમાં જણાવાયું છે કે, હીટવેવ દરમિયાન ખેતરમાં ઉભા પાકને હળવું તેમજ વારંવાર પિયત આપવું. મગફળી, મગ, અડદ,

પાકમા વહેલી સવારે અને સાંજના સમયે પિયત આપવું. ખેતરની જમીનમાં ભેજનું પ્રમાણ જાળવી રાખવાં માટે પાકનાં અવશેષો, પોલીથીન તેમજ માટી વડે આચ્છાદન કરવું. પિયત માટે બની શકે તો ફુવારા પદ્ધતિનો ઉપયોગ કરવો. પાકને ઊંચા તાપમાનથી બચાવવા શાકભાજીના ખેતરમાં નીંદણ ન કરવું. બપોરના કલાકો દરમ્યાન ખેતીની પ્રવૃતિઓ બંધ રાખવી. શાકભાજી અને બાગાયતી પાકોને શણના કંતાનથી અથવા જુવાર-બાજરી જેવા પાકોની કડબની આડશ કરવી.

સમયે હાઈકમાન્ડમાંથી રાહુલ કે પ્રિયંકાએ ગુજરાત આવવાનું ટાળ્યું હતું પણ ૫ વર્ષ બાદ પ્રિયંકા વલસાડમાં આવી રહ્યાં છે. પ્રિયંકા ગાંધી લાંબા સમય બાદ ગુજરાતમાં કોંગ્રેસ માટે પ્રચાર કરશે. પ્રિયંકા ગાંધી ૨૭ એપ્રિલે વલસાડના ધરમપુરમાં જનસભાને સંબોધશે. પાર્ટીએ અહીંથી વર્તમાન ધારાસભ્ય અનંત પટેલને ઉમેદવાર બનાવ્યા છે. તેઓ ભાજપના ધવલ પટેલ

એપ્રિલે ધરમપુરના દરબારગઢ ખાતે વલસાડથી પાર્ટીના ઉમેદવાર અનંત પટેલના સમર્થનમાં જાહેર સભાને સંબોધશે. વિધાનસભાની ચૂંટણીમાં અનંત પટેલની ભારત જોડો યાત્રા વચ્ચે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી પ્રચાર કરવા પહોંચ્યા હતા. હવે પ્રિયંકા ગાંધી લોકસભા ચૂંટણીમાં તેમના માટે પ્રચાર કરશે. ભાજપે વલસાડ લોકસભા બેઠક પરથી ધવલ પટેલને

૨૦૧૯માં ગુજરાત પહોંચ્યા હતા. આ પછી તેઓ પ્રથમ ઝઉઝ મીટિંગમાં હાજરી આપવા આવ્યા હતા.

દક્ષિણ ગુજરાતની આ આગામી લોકસભા બેઠક પરની રેલી દરમિયાન પ્રિયંકા ગાંધી સુરતમાં ભાજપની બિનહરીફ જીતનો મામલો ઉઠાવી શકે છે. અનંત પટેલ વલસાડ લોકસભા મતવિસ્તારમાં આવતી વાંસદા બેઠકના ધારાસભ્ય છે. પ્રિયંકા

કોંગ્રેસ પાર્ટીએ દરબારગઢ કમ્પાઉન્ડમાં પ્રિયંકા ગાંધીની રેલીનું આયોજન કર્યું છે. પ્રિયંકા ગાંધી રેલીમાં સવારે ૧૦ વાગે ગુજરાત પહોંચશે. વલસાડ લોકસભા બેઠક આદિવાસી પ્રભુત્વ ધરાવતી બેઠક છે.

૨૦૧4 પહેલાં આ સીટ કોંગ્રેસ પાસે હતી. છેલ્લી બે ચૂંટણીથી ભાજપનો કબજો છે. અત્યાર સુધી અહીંથી ભાજપના નેતા કેસી પટેલ સાંસદ હતા. પાર્ટીએ આ વખતે યુવા નેતા ધવલ પટેલને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. ૨૦૧૯માં ભાજપે આ સીટ પર ૩.૫૩ લાખ વોટથી જીત મેળવી હતી. ગુજરાતમાં લોકસભાની ૨૬માંથી ૨૫ બેઠકો માટે ૭ મેના રોજ મતદાન થશે. કોંગ્રેસ પાર્ટી રાજ્યમાં ૨૩ બેઠકો પર ચૂંટણી લડી રહી છે. પાર્ટીએ આમ આદમી પાર્ટી માટે બે સીટો છોડી છે. સુરત લોકસભા બેઠક ભાજપે બિનહરીફ જીતી લીધી છે. ગુજરાતમાં ૨૫ બેઠકો માટે ૨૬૬ ઉમેદવારો મેદાનમાં છે.

# હિમાલયમાં ઝડપથી ગ્લેશિયર્સ પીગળ્યા, ISROનો ખુલાસો

નવી દિલ્હી, તા.૨૫

હિમાલયના પહાડોને દુનિયાનો ત્રીજો ધ્રુવ કહેવામાં આવે છે. તેનું કારણ છે ભારે સંખ્યા અને પ્રમાણમાં ગ્લેશિયરની હાજરી અને મોટા પ્રમાણમાં બરફનો જથ્થો પરંતુ આ વિસ્તાર ગ્લોબલ વોર્મિંગના કારણે અતિ પ્રભાવિત થઈ રહ્યો છે અને તેનો બરફ બહુ ઝડપથી પીગળી રહ્યો છે. ગ્લેશિયરો સંકોચાઈ રહ્યા છે. જેના કારણે બરફના તળાવો ખતરનાક બની શકે છે અને સિંધુ, ગંગા અને બ્રહ્મપુત્રા નદીની મુશ્કલીમાં મોટો વધારો થશે. આ ચોંકાવનારો ખુલાસો કર્યો છે ભારતની સ્પેસ એજન્સી ઈસરોએ. ઈસરોએ સેટેલાઈટ ઈમેજ જાહેર કરીને દાવો કર્યો છે કે હિમાલયના ગ્લેશિયલ ઝડપથી ઓગળી રહ્યા છે. સાથે જ હિમાલયમાં જે તળાવોની ઓળખ કરવામાં આવી છે તેનો આકાર પણ મોટો થઈ ગયો છે. ઈસરોએ કહ્યું છે કે ૧૯૮૪થી ૨૦૨૩ સુધી હિમાલયના ભારત ક્ષેત્રમાં નદી ઘાટીઓના કેચમેન્ટ કવર કરનારી સેટેલાઈટ ઈમેજે ગ્લેશિયર તળાવમાં આવેલા પરિવર્તનનો સંકેત આપ્યો છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે

૨૪૩૧ તળાવમાંથી ૬૭૬ તળાવનો વિસ્તાર થયો છે....

તેમાં ઓછામાં ઓછા ૧૩૦ તળાવ ભારતમાં છે....

જેમાંથી ૬૫ સિંધુ નદી બેસીન પર આવેલા છે...

૫૮ તળાવ બ્રહ્મપુત્ર નદી પર તળાવ આવેલા છે...

જ્યારે ગંગા નદી પર ૭ તળાવ આવેલા છે....

જેના કારણે આ નદીઓ પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે..

ઈસરોના રિપોર્ટ પર સરકારે ખૂબ ગંભીરતાથી પગલાં લેવાની જરૂર છે કેમ કે ૬ મહિના પહેલાં સિક્કિમમાં લહોનક ગ્લેશિયર તૂટતાં ભયાનક પૂર આવ્યું હતું. જેમાં ૧૮૦ લોકોના મોત થયા હતા. જ્યારે ૫૦૦૦ કરોડથી વધારેનું નુકસાન થયું હતું. આ પહેલાં ૨૦૨૨૧માં ઉત્તરાખંડની નીતિ ઘાટી પર ગ્લેશિયર તૂટતાં ભારે તબાહી સર્જાઈ હતી. જેમાં ૨૦૫ લોકોના મોત થયા હતા. જ્યારે ૨૦૧૩માં કેદારનાથમાં ચૌરાબાડ ગ્લેશિયર ફાટતાં ૬ હજારથી વધારે લોકોના મોત થયા હતા. ગ્લેશિયર તળાવ ઉપરાંત ભારતમાં આજે હિમાલયના ગ્લેશિયર ઓગળવાનો સિલસિલો યથાવત છે. જેમાં અનેક રિપોર્ટમાં સામે આવ્યું છે કે ગ્લોબલ વોર્મિંગના કારણે હિમાલયના ગ્લેશિયર ૦.૩ ટકાની સ્પીડથી ઓગળી રહ્યો છે. જો આ સ્થિતિમાં સુધારો નહીં થાય તો ૨૧૦૦ સુધીમાં હિમાલયના ૭૫ ટકા ગ્લેશિયર્સ પીગળીને સૂકાઈ જશે. જેનાથી ભારે તબાહી આવશે.

# ડોમીનોઝ પિત્ઝા બોક્સની વચ્ચે ઈયળ જોવા મળી

અમદાવાદ, તા.૨૫

અમદાવાદ શહેરમાં ખાદ્યપદાર્થોમાં જીવાત નીકળવાનો સિલસિલો યથાવત છે. લો ગાર્ડન ખાતેના ડોમીનોઝ પિત્ઝા સેન્ટરમાં પિત્ઝા બોક્સની વચ્ચે ઈયળ જોવા મળી હતી. વધુ એક આઉટલેટમાં જીવાત મળી આવતાં ગ્રાહકને કડવો અનુભવ થયો હતો. સ્વચ્છતાના ધારાધોરણનું પાલન ન થતું હોવાની ફરિયાદ ગ્રાહકે કરી.

થોડા મહિના પહેલા પણ અમદવાદા શહેરની એક નામાંકિત હોટલની સેન્ડવિચમાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોબાળો મચાવ્યો હતો. રામદેવનગર પાસે આવેલી કોર્ટીયર્ડ મેરિયટ હોટલની સેન્ડવિચમાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોટલ મેનેજમેન્ટ સામે ફરિયાદ કરતા હોબાળો મચાવ્યો હતો તેમણે જીવાતનો વીડિયો પણ મોબાઈલ કેમેરાથી કેપ્ચર કરીને વાયરલ કર્યો હતો.ગ્રાહકે સેન્ડવિચનો ઓર્ડર આપ્યો હતો. સેન્ડવિચમાંથી જીવાત નીકળતા ગ્રાહકે હોટલના સંચાલકને ફરિયાદ કરી હતી જો કે ફરિયાદનો સંતોષકારક જવાબ ન મળતા આખરે ગ્રાહકે ઉગ્ર રજૂઆત કરતા ઘટનાનો વીડિયો ઉતાર્યો અને તેને વાયરલ કરી દીધો. ગ્રાહકની ફરિયાદને ગંભીરતાથી ન લેવાતા રોષે ભરાયેલા ગ્રાહકે હોબાળો મચાવ્યો હતો. ગ્રાહકે ગ્રીલ સેન્ડવિચ ઓર્ડર કરી હતી, જેનું બિલ જીએસટી સાથે ૪૧૩ આવ્યું હતું.એક સેન્ડવિચના આટલા રૂપિયા ચૂકવવા છતાં પણ ગ્રાહકને જીવાતવાળી સેન્ડવિચ મળી. રેસ્ટોરન્ટની ઘોર બેદરકારીની ઘટનાનો પર્દાફાશ આ વીડિયો દ્વારા થયો છે. ફૂડ બિઝનેસ સાથે જોડાયેલા કેટલાક વ્યવસાયી નફો વધુ કમાવવાના ચક્કરમાં અને લોકોના આરોગ્ય સાથે કેવા ચેડા કરે છે તેનો નમૂનો રાજકોટમાં પણ જોવા મળ્યો હતો. અહીં દિવાળી પહેલા ફરસાણની દુકાનોમાં આરોગ્ય વિભાગે પાડેલી રેડમાં ચોંકાવનારા તથ્યો સામે આવ્યો

## LRD-PSI ભરતીને લઈ મુંઝવણો થશે દૂર

# અત્યાર સુધીમાં ૭.૮૧ લાખ ઉમેદવારોની અરજીઓ આવી છે

ગાંધીનગર ,તા.૨૫

પોલીસની નોકરીનું સપનું જોનારા યુવાઓ માટે હાલમાં **LRD-PSI** ભરતી ચાલી રહી છે. જેના માટે ફોર્મ ભરવા માટે માત્ર ૭ દિવસ બાકી છે. ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૩૦ એપ્રિલ સુધીની છે. અત્યાર સુધીમાં ભરતી બોર્ડને કુલ ૭,૮૧,૦૦૦ અરજી મળી છે જેમાંથી ૬,૪૫,૦૦૦ અરજીઓ કન્ફર્મ પણ થઈ ગઈ છે. ફોર્મ ભરવા માટે હવે ૭ જેટલા દિવસનો સમય બાકી રહ્યો છે. એવામાં ઘણા ઉમેદવારોને હજુ ફોર્મ ભરવાના બાકી છે અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે. એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપી છે કે, પોલીસ ભરતીમાં અરજી કરવા માટે હવે છેલ્લા સાત દિવસ બાકી છે. છેલ્લા દિવસોમાં વધુ લોકો એક સાથે અરજી કરવાના કારણે અરજી તથા દસ્તાવેજ અપલોડ કરવામાં મુશ્કેલી પડી શકે. જેથી જેને પણ અરજી કરવી હોય તે ઝડપથી કરી લે. ઉમેદવારોને અરજી કરવામાં મુશ્કેલી પડે તો આ અંગે વેબસાઈટ પર મુકેલ પ્રશ્નોત્તરી તથા **youtube** વિડીયો જોઈ લે જેથી કોઈપણ કારણસર તેમની અરજી રદ ન થાય. અને અરજી કરવામાં કેટલીક મુંઝવણો અનુભવી રહ્યા છે. એવામાં ભરતી બોર્ડના પ્રમુખ હસમુખ પટેલે કેટલાક ટ્વીટ કરીને ઉમેદવારોને સૂચનો આપ્યા છે. વેબસાઈટ પર લોકરક્ષક ભરતી બોર્ડ દ્વારા ઉમેદવારોને અનુભવાતા પ્રશ્નોના જવાબો મૂક્યા છે. જેમાં ફોર્મ ભરવાથી લઈને કયા કયા મહત્વપૂર્ણ દસ્તાવેજો તેમણે અરજી સાથે અપલોડ કરવાના રહેશે. તે તમામ પ્રકારની મુંઝવણો ને લઈ વિસ્તારથી માહિતી આપવામાં આવી છે.

## ગ્રામ્ય પોલીસમાં રીડર શાખામાં ફરજ બજાવતા હતા

# રાજકોટમાં પોલીસ કોન્સ્ટેબલે ૧૦માં માળેથી ઝંપલાવી કર્યો આપઘાત

## ભાર્ગવ બોરીસાગર દ્વારા આત્મહત્યા કરતા પૂર્વે કોઈ સ્યૂસાઈડ નોટ લખવામાં આવી છે કે કેમ તે બાબતે તપાસ

રાજકોટ, તા.૨૫

રાજકોટના તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવતા મવડી પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ૨૩ વર્ષીય ભાર્ગવ બોરીસાગર નામના કોન્સ્ટેબલે ૧૦મા માળેથી નીચે ઝંપલાવીને આપઘાત કરી લીધાનો બનાવ બુધવારના રોજ બન્યો હોવાનું સામે આવ્યો છે. સમગ્ર મામલાની જાણ થતા ભાર્ગવ બોરીસાગરનો જેતપુર રહેતો પરિવાર રાજકોટ ખાતે આવી પહોંચ્યો હતો. તેમજ બનાવવાની જાણ થતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તેમજ પોલીસ દ્વારા એફએસએલ અધિકારીઓની મદદ પણ લેવામાં આવી હતી. ભાર્ગવ બોરીસાગર દ્વારા આત્મહત્યા કરતા પૂર્વે કોઈ સ્યૂસાઈડ નોટ લખવામાં આવી છે કે કેમ તે બાબતે પણ પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ભાર્ગવ બોરીસાગર રાજકોટ ગ્રામ્ય પોલીસમાં રીડર શાખામાં ફરજ બજાવતો હોવાનું સામે આવ્યું છે. દોઢ મહિના પૂર્વે જ ભાર્ગવ બોરીસાગરની જેતપુરથી રાજકોટ ખાતે બદલી થઈ હતી. તેમજ વર્ષ ૨૦૧૭-૧૮માં લોકરક્ષક તરીકે ભરતી થયો હોવાનું સામે આવ્યું છે. સાથે જ પાંચ મહિના પૂર્વે જ ભાર્ગવ બોરીસાગરના લગ્ન થયા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. ત્યારે કયા કારણોસર ભાર્ગવ બોરીસાગર દ્વારા આત્મહત્યા કરવામાં આવી છે તે અંગે પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે.

## ચુંટણી આચારસંહિતાની તટસ્થ અમલવારીમાં ભેદભાવ કેમ ?

# ભુપત ભાયાણીનું નિવેદન આચારસંહિતાનો ભંગ - કિરીટ પટેલને કલીનચીટ મળી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જીલ્લા સહિત ગુજરાતભરમાં લોકસભાની આગામી ચૂંટણી અંગે પ્રચાર તંત્ર જોરશોરથી ચાલી રહ્યું છે. ચૂંટણી માટેની બેઠક, સભાઓમાં ઉપસ્થિત નેતાઓ દ્વારા કરવામાં આવતા વિવાદીત નિવેદનોને પગલે ભારે હોબાળો મચી જતો હોય છે. રાજકોટ લોકસભાની બેઠકના ઉમેદવાર પરષોતમ રૂપાલાએ કરેલી ટિપ્પણીને લઈને ક્ષત્રીય સમાજ આગબબુલો થયો છે અને હજુ પણ આ મામલો થાળે પડયો નથી. તો બીજી તરફ જૂનાગઢ જીલ્લામાં પણ વિસાવદર ખાતે ભાજપના ચૂંટણી કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ તેમજ આપના પૂર્વ ધારાસભ્ય અને હાલના ભાજપના આગેવાન ભૂપત ભાયાણીએ કરેલા નિવેદનને પગલે પણ આ બંને નેતાઓ વિરૂધ્ધ આચારસંહિતા ભંગ અંગે કાર્યવાહી કરવા અંગે માંગણી કરવામાં આવી હતી. દરમ્યાન આ કેસમાં જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખને કિલન ચીટ આપવામાં આવી છે અને આપના પૂર્વ ધારાસભ્ય અને હાલના ભાજપના નેતા ભૂપત ભાયાણીનું વિધાન આચારસંહિતાનો ભંગ હોવાનું પંચે જણાવેલ છે. આમ બે નિવેદનો પ્રત્યે ચૂંટણી પંચનું વલણ અલગ જોવા મળે છે અને જેનો લઈને ચૂંટણી આચારસંહિતાનો કડક રીતે અમલ થતો ન હોવાની અને આ અમલીકરણમાં છીંડા હોવાની ચર્ચા પણ ઉઠવા પામી છે.

લોકસભાની આગામી ચૂંટણીના વિવિધ તબક્કા યોજવામાં આવી રહ્યા છે અને મતદાનની પ્રક્રિયા ચાલી રહી છે તો બીજી તરફ જયાં ચૂંટણીઓ યોજાવાની છે ત્યાં રાજકીય પક્ષો દ્વારા ચૂંટણી સભાઓને યોજવામાં આવી રહેલ છે. આવી ચૂંટણી સભાઓમાં જે તે પક્ષના નેતાઓ દ્વારા કથીત નિવેદનના આધારે કે તેમના વાણી વિલાસના આધારે તેમના વિરૂધ્ધ આચારસંહિતા ભંગની ફરિયાદ દાખલ કરવા અંગે રજુઆતો કરવામાં આવે છે પરંતુ આ ફરિયાદો અંગે આચારસંહિતાની કડક અમલવારી થતી ન હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી છે. તાજેતરમાં વિસાવદર ખાતે ભાજપ ચૂંટણી કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણી (ભાજપના હાલના નેતા) તેમજ જૂનાગઢ જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલ દ્વારા વિવાદીત નિવેદન કર્યું હતું. જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે રાજા રજવાડા અને દિવ્યાંગો વિશે નિવેદન આપ્યું હતું. જયારે આપના પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધી વિશે વિવાદિત નિવેદન આપ્યું હતું જેને લઈને ચૂંટણી પંચમાં આચારસંહિતા ભંગ અંગેની કાર્યાવાહી માટે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. વિશેષમાં આવા કેસમાં ચૂંટણી તંત્રએ કાર્યવાહી કરવાની હોય છે પરંતુ સ્થાનિક આચારસંહિત અમલીકરણ અધિકારીએ કાર્યવાહી તો ઠીક એઆરઓને રિપોર્ટ પણ કર્યો ન હતો અને લોગ પાર્ટીના ઉમેદવારે ફરિયાદ ઉઠાવ્યા બાદ વિસાવદર એઆરઓએ આચારસંહિતા અમલીકરણ અધિકારીને નોટીસ આપી રૂબરૂ હાજર રહી ખુલાસો કરવા જણાવ્યું હતું. દરમ્યાન વિસાવદર ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીએ ફરિયાદ બાદ તા.૨૨ના કાર્યક્રમ અંગેનો રિપોર્ટ ગઈકાલે વિસાવદર એઆરઓને આપ્યો હતો અને સુત્રોના જણાવ્યા મુજબ તેમાં એવું દર્શાવ્યું છે કે, ભૂપત ભાયાણીએ રાહુલ ગાંધી વિશે વ્યકિતગત નિવેદન જાહેરમાં આપ્યું હોવાથી આ કિસ્સામાં આચારસંહિતાનો ભંગ હોવાનું જણાય છે. જયારે જીલ્લા ભાજપ પ્રમુખ કિરીટ પટેલે વ્યકિતગત નિવેદન કર્યું ન હોવાથી આ કિસ્સામાં આચારસંહિતા ભંગ થતો ન હોવાનો રિપોર્ટ કર્યો છે. આ રિપોર્ટ જીલ્લા નોડલ અધિકારીને મોકલવામાં આવ્યો છે. દરમ્યાન જીલ્લા ભાજપ પ્રમુખને ચૂંટણી તંત્રએ કિલન ચીટ આપી છે પરંતુ તેની સામે અરજદાર અને લોગ પાર્ટીના ઉમેદવાર અલ્પેશ ત્રાંબડીયાએ જીલ્લા ચૂંટણી અધિકારીને રજુઆત કરી છે કે ચૂંટણી પંચની લુલા, લંગડા, બાડાબોબડાને બદલે દિવ્યાંગ શબ્દ વાપરવાની સુચના છે પરંતુ આ કિસ્સામાં એમ થયું નથી છતાં કિલન ચીટ આપવામાં આવી છે જેની સામે વાંધો લઈ તેની સામે કાર્યવાહી ક ર વા માંગ કરી છે.

દરમ્યાન ચૂંટણીના સમયગાળામાં ભાજપ હોય કોંગ્રેસ હોય કે કોઈપણ રાજકીય પક્ષના જાહેર કાર્યક્રમો અને તેમની કામગીરી ઉપર ચૂંટણી પંચ સતત દેખરેખ રાખતું હોય છે અને આચારસંહિતાના નિયમો પણ ખાસ પ્રકારના ઘડી કાઢેલા છે અને તેની અમલવારી થવી જ જોઈએ અને જે અંગેની સુચનાઓ જારી થયેલી છે પરંતુ અત્યાર સુધીના જે કોઈ બનાવો નજર સામે જોશો તો કાર્યક્રમોમાં ચૂંટણી પંચના જવાબદાર અધિકારીની હાજરી હોવા છતાં તેઓ તરફથી જે તે નેતાઓ કે

### કાળઝાળ ગરમીના સમયમાં

# શેરડીનો રસ, કેરીનો રસ અને 'બરફના ગોલા' લોકોની પસંદ



## જૂનાગઢ શહેરમાં ઠેક-ઠેકાણે રસના ચિચોડા, કેરીનાં રસનાં કેન્દ્રો ખુલ્યા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં 'એપ્રિલ માસ' આકાશમાંથી અગન વર્ષા થઈ રહી છે ત્યારે ગરમીના દિવસોમાં ઠંડક અને તૃપ્તીના ઓડકાર માટે લોકો ઠંડા પીણા તેમજ ખાસ કરીને શેરડીનો રસ, કેરીનો રસ અને બરફના ગોલા સહિતના ઠંડક થાય તેવા પીણાનું સેવન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢ શહેરમાં ઠેક ઠેકાણે શેરડીના રસ માટેના વેંચાણ કેન્દ્રો માટે શેરડીના ચીચોડા ધમધમી રહ્યા છે અને લોકો શેરડીનો મીઠો મધુરો રસ, અનાનસ સાથે મીકસ કરેલા રસનું ચલણ વધી રહેલ છે. આ ઉપરાંત શહેરમાં વિવિધ જગ્યાએ કેરીનાં રસ વેંચાણના કેન્દ્રો શરૂ થયા છે અને કેરીના રસનો પણ લોકો આ સ્વાદ માણી રહ્યા છે. આ ઉપરાંત આઈસ્કીમ પાર્લર, લચ્છી સેન્ટર, બજારમાં મળતી વિવિધ પ્રકારની કેન્ડીનું પણ સારૂ એવું વેંચાણ થાય છે. સાંજના સમયે અનેક વિસ્તારો અને સોસાયટીઓમાં બરફના ગોલાના વેંચાણ કેન્દ્રો પણ ધમધમી રહ્યા છે. રૂા.૫૦થી અને ૧૫૦, ૨૦૦ સુધીની કિંમતના બરફના ગોલા મલાઈ તેમજ વિવિધ પ્રકારના સુકા મેવાથી ફુટ, ટુટીફુટીથી ભરપુર બરફના ગોલા ડીશનું ખુબ જ વેંચાણ થઈ રહ્યું છે અને ગ્રાહકો ખાસ કરીને સાંજના સમયે પોતાના પરીવારજન સાથે બરફના ગોલાના વેંચાણ કેન્દ્ર ઉપર આવી અને બરફના મીઠા મધુરા અને અનેક વ્યજંનોથી ભરપુર એવા બરફના ગોલાનો આસ્વાદ માણે છે. સાંજથી લઈ મોડી રાત્રી સુધી સારી એવી ઘરાકી બરફના ગોલા સેન્ટરોમાં રહેતી હોય છે. જૂનાગઢ શહેર ઉપરાંત સૌરાષ્ટ્રના મોટાભાગના શહેરમાં ત્યાંના પ્રખ્યાત બરફના ગોલાનો સ્વાદ માણવા લોકો જતા હોય છે. હાલ ઉનાળાના સખ્ત તાપ વચ્ચે લોકો શેરડીનો રસ, કેરીનો રસ, બરફના ગોલાનો આસ્વાદ માણી રહ્યા છે અને ઠંડક મેળવવા પ્રથમ પસંદગી બની ગયા છે.

અકીલા...ઉમેદવારી નોંધાવતા પૂર્વે અયોધ્યા રામલલ્લાના દર્શને જ
રાહુલ અમેઠીથી તો પ્રિયંકા રાયબરેલીથી લડશે ચૂંટણી!
કોંગ્રેસે તૈયારી શરૂ કરી : સત્તાવાર એલાન હવે : ૧લી મેના રોજ ઉમેદ
થશે સ્મૃતિ ઈરાની સામે
નવી દિલ્હી તા. ૨૫
રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી અમેઠી અને રાયબરેલી બેઠક પરથ
જાહેરાત પહેલા પ્રિયંકા અને રાહુલ અયોધ્યા જઈને રામ લલ્લાના દર્શન
કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા આ
છે કે આ બંને બેઠકો અંગે ઔપચારિક જાહેરાત ૩૦ એપ્રિલ પહેલા કર
પ્રિયંકાની સંભવિત ઉમેદવારી અંગે કંઈ કહ્યું નથી.
સૂત્રોનું એમ પણ કહેવું છે કે અમેઠી અને રાયબરેલી જતા પહેલા રાહ
જો કે હજુ સુધી આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી.
રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડી શકે છે. આ સંદર્ભે પક્ષ દ્વારા સ્થા
કે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે વચ્ચે પણ વાતચીત ચાલી રહી છે
છે. સૂત્રોના હવાલાથી આ વાત કહેવામાં આવી રહી છે.
કહેવામાં આવી રહ્યું છે કે આ અંગે રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન
ઉમેદવારી નોંધાવી શકે છે. અમેઠીમાં કોંગ્રેસે પોતાની ઉમેદવારી માટે તૈ
વાયનાડમાં મતદાન બાદ તેમના નામની જાહેરાત કરવામાં આવી શકે છે


ભાસ્કર...ચૂંટણી વચ્ચે રિજિજુના નિવેદનથી હોબાળો:અરુણાચલથી એક લા
નવી દિલ્હી૪ કલાક પેહલા
આસામમાં બીજા તબક્કાના મતદાનથી પહેલાં નવા મુદ્દાને લઇને રાજકીય ગર
રિજિજુએ કહ્યું હતું કે અરુણાચલ પ્રદેશમાં રહેતા ચકમા અને હાજોંગ શરણાર્થીઓ
શિફ્ટ કરવામાં આવશે. તેમના આ નિવેદન બાદ વિરોધ પ્રદર્શનની શરૂઆત થઇ
આસામના મુખ્યમંત્રી હેમંત બિસ્વા સરમાએ કહ્યું કે કેન્દ્ર સરકારે આને લઇ
કોંગ્રેસે કહ્યું કે અમે રાજ્યમાં ચકમા લોકોને વસવાટની મંજૂરી આપીશું નહીં. બીજ
સુહાસ ચકમાએ કહ્યું કે રિજિજુનું નિવેદન મત હાંસલ કરવા સંબંધિત છે. ચકમા મૂ
કરવામાં આવી ત્યારે તેમને ત્યાંથી ફરાર થવાની ફરજ પડી હતી.
આસામ કોંગ્રેસના અધ્યક્ષ ભુપેન બોરાહે કહ્યું કે ચકમા લોકોને ચૂંટણી બાદ રાજ
આ આસામના લોકોની સાથે વિશ્વાસઘાત સમાન છે. જો કોઈ ચકમા લોકોને બ
સુપ્રીમકોર્ટના ચુકાદાનું ઉલ્લંઘન ગણાશે.

સાંજ સમાચાર
ગુજરાતમાં ચૂંટણી ભંડોળ અને ખર્ચમાં પણ કોંગ્રેસને મોટા માર્જીનથી પ
૨૦૧૪ની ચૂંટણીમાં ભાજપના રૂા.૬૫.૮૮ કરોડના ખર્ચ સામે કોંગ્રેસ
રૂા.૧.૪૮ કરોડના ખર્ચ સામે ભાજપે અધધધ રૂા.૫૪.૩૪ કરોડનો ખર્ચ ક
રાજકોટ, તા. ૨૫
લોકસભા ચૂંટણીમાં પ્રત્યેક ઉમેદવાર રૂા. ૯૫ લાખ સુધીનો ચૂંટણી ખર્ચ ક
લાભ ગુજરાતમાં ભાજપને મળી રહ્યો છે અને હાલમાં એસોસીએશન ફોર ડે
૨૬ બેઠકો ઉપર કોંગ્રેસને પરાજીત કરી છે તેટલું જ નહીં ખર્ચ કરવામાં પણ
ચૂંટણી પંચ સમક્ષ રજુ થયેલા આંકડા મુજબ રાજયની બંને ચૂંટણીઓ
સ્થાપી દીધી હતી. ૨૦૧૪ અને ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે એકંદરે રૂા.૬પ
૨૦૧૪માં ફકત રૂા. ૧.૩૬ કરોડ અને ૨૦૧૯માં રૂા.૧.૪૮ કરોડનો ખર્ચ ક
૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપે ગુજરાતમાં ૧૭૯.૬૬ કરોડનો ભંડોળ મેળવ્યો

વર્ષા થઈ રહી છે ત્યારે ગરમીના દિવસોમાં ઠંડક અને તૃપ્તીના ઓડકાર માટે લોકો ઠેક ઠેકાણે શેરડીના રસ માટેના વેંચાણ કેન્દ્રો માટે શેરડીના ચીચોડા ધમધમી રહ્યા છે અને ઉપરાંત શહેરમાં વિવિધ જગ્યાએ કેરીનાં રસ વેંચાણના કેન્દ્રો શરૂ થયા છે અને કેરીના બજારમાં મળતી વિવિધ પ્રકારની કેન્ડીનું પણ સારૂ એવું વેંચાણ થાય છે. સાંજના સમયે અનેક અને ૧૫૦, ૨૦૦ સુધીની કિંમતના બરફના ગોલા મલાઈ તેમજ વિવિધ પ્રકારના સુકા ખાસ કરીને સાંજના સમયે પોતાના પરીવારજન સાથે બરફના ગોલાના વેંચાણ કેન્દ્ર ઘરાકી બરફના ગોલા સેન્ટરમાં રહેતી હોય છે. જૂનાગઢ શહેર ઉપરાંત સૌરાષ્ટ્રના મોટાભાગના ગોલાના આસ્વાદ માણી રહ્યા છે અને ઠંડક મેળવવા પ્રથમ પસંદગી બની ગયા છે.

# જૂનાગઢમાં વેપારી અને ગ્રાહક વચ્ચે છુટાહાથની મારામારી : સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

## એર કુલર બદલવા પ્રશ્ને વેપારી અને ગ્રાહક વચ્ચે મામલો બીચક્યો : મોડી રાત્રે પોલીસ ફરિયાદ



(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ શહેરના રાણાવાવ ચોક વિસ્તારમાં ગઈકાલે સાંજના સમયે ઈલેકટ્રીકની એક દુકાને ગ્રાહક અને દુકાનદાર વચ્ચે છુટાહાથની મારામારીના દ્રશ્યો સર્જાયા હતા અને આ બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. દુકાનમાં થતી મારામારી અંગેની જાણ થતા પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી હતી અને મામલો આગળ વધતો અટકાવ્યો હતો. દરમ્યાન એર કુલર બદલવા પ્રશ્ને વેપારીએ માર મારવા અંગે મોડી રાત્રે પોલીસ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

હાલ કાળઝાળ ગરમી સતત પડી રહી છે ત્યારે લોકો ગરમીની સામે રાહત મેળવવા માટે ઈલેકટ્રીક ઉપકરણોની ખરીદી કરી રહ્યા છે અને એસી, એરકુલર જેવા ઉપકરણોની મોટાપાયે ખરીદી થતી હોય છે. દરમ્યાન જૂનાગઢના રાણાવાવ ચોક વિસ્તારમાં આવેલ એરકુલર, પંખા, ટયુબલાઈટ સહિતની ઈલેકટ્રીક ચીજવસ્તુઓનું વેંચાણ કરતી એક દુકાને ગઈકાલે સાંજના એક બનાવ બન્યો હતો જેમાં બે યુવાનો એર કુલર બદલવા અને પૈસા પરત લેવા માટે આવ્યા હતા. ત્યારે વેપારી અને ગ્રાહક વચ્ચે વાતચીત ચાલી રહી હતી તે દરમ્યાન કોઈ કારણસર બંને પક્ષે ઝપાઝપી અને ઉગ્ર બોલાચાલી થતા મામલો બીચકયો હતો. વેપારી અને ગ્રાહક વચ્ચે સરાજાહેરમાં મારામારી થઈ હતી જેમાં પંખા સહિતની ચીજવસ્તુઓ લઈને મારામારી થતા બઘડાટી બોલી ગઈ હતી. આ સમયે પોલીસ સ્ટાફ અહીંથી પસાર થતો હોય તેઓએ દુકાને જઈ અને આગળ વધતો મામલો અટકાવ્યો હતો. આ સમગ્ર મારામારીના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થયા છે ત્યારે આ બનાવને પગલે સારી એવી ચકચાર જાગી ઉઠી છે.

દરમ્યાન આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર પરેશભાઈ કનૈલાલ ઢાલાણી સિંધી લોહાણાએ રાહુલભાઈ કતકપરા તથા તેમના ભાઈ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવેલ છે. જેમાં જણાવેલ છે કે, આ કામના આરોપી કુલર બદલવા માટે દુકાને આવેલ અને તે દરમ્યાન ઉશ્કેરાઈ જઈ અને ફરિયાદી તથા સાહેદનો ઢીકાપાટુનો માર માર્યાની ફરિયાદના પગલે એ ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાળઝાળ ગરમીમાં પક્ષીઓને પાણી પિવરાવવાનું ભગીરથ કાર્ય



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ ગિરનાર પર્વત ઉપર સેવાભાવી ગીરનારની સીડી ઉપર ૨૫૦૦ પગથિયાં ઉપર પોતાની દુકાન ધરાવતા વિજયભાઈ ગોસ્વામી અત્યારે ૪૨ ડિગ્રી કાળજાળ ગરમી વચ્ચે ગિરનાર પર્વત ઉપરના વન્ય પ્રાણી અને પશુ પંખી માટે પાણીની કુંડીઓ બનાવી અને તેની તરસ છીપાવવાનું ભગીરથ કાર્ય વિજયભાઈ કરી રહ્યા છે. ઉપરોક્ત તસવીરમાં વિજયભાઈ બંને ટાઈમ સવાર અને સાંજ પાણીનો કેરબો ભરીને સીડી ઉપર બનાવેલી કુંડીઓમાં પાણી ભરી અને પ્રાણીઓની તરસ છીપાવી રહ્યા છે. અત્યારે જ્યારે પ્લાસ્ટિક મુક્ત ગિરનાર કરવાની જે વાતો થઈ રહી છે ત્યારે એક આ વાત પણ લોકોના ધ્યાને મુકીને કે દુકાન ધરાવતા આ યુવાનની આ સેવાકીય પ્રવૃત્તિને લાખ લાખ વંદન સાથે સલામ છે.

# ભેસાણ તાલુકાના ઢોળવા ગામે પાડોશી વચ્ચે મારામારી : જાનથી મારી નાખવાની ધમકી આપી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨૫

જૂનાગઢ જીલ્લાના ભેસાણ તાલુકાના ઢોળવા ગામે મારામારીનો બનાવ બનેલ છે જેમાં જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ભેસાણના ઢોળવા ગામના ગૌરીબેન હિતેષભાઈ તેરૈયા(ઉ.વ.૩૮)એ નીમુબેન જીવરાજભાઈ લીંબાસીયા, મનિશાબેન જીવરાજભાઈ લીંબાસીયા, અશ્વિનભાઈ જીવરાજભાઈ લીંબાસીયા, કાલબેન અશ્વિનભાઈ લીંબાસીયા વિગેરે સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદી અને આરોપીઓ પાડોશી થતા હોય અને આ કામના ફરિયાદીની દિકરી શેરીમાં રમતી હોય જેથી આ કામના આરોપી નં-૧ ફરિયાદીની દિકરીને ખિજાતા આ કામના ફરિયાદી આરોપીને સમજાવવા જતા આરોપીઓએ ફરિયાદી સાથે અપશબ્દો તથા જ્ઞાતી વિરૂધ્ધના અપશબ્દો બોલી ફરિયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ફરિયાદીને શરીરે ઢીકાપાટુનો મુંઢ માર મારી આરોપી નં-૩નાએ પાઈપ લઈને આવીને ફરિયાદીને ઘર સળગાવી દેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી અને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટ જૂનાગઢના હથીયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.